# ગુજરાત પોલીસે છેલ્લા ચાર વર્ષમાં ઇન્ટરપોલની મદદથી ચાર વોન્ટેડ ગુનેગારોને વિદેશમાંથી પકડ્યા

**આંતરરાષ્ટ્રીય પોલીસ સંસ્થા ઈન્ટરપોલની જનરલ એસેમ્બલી ભારતમાં યોજાશે : નવી દિલ્હીમાં CBI યજમાની કરશે, ઈન્ટરપોલના ૧૯૫ સભ્ય દેશોના પ્રતિનિધિ સામેલ થશે : ઈન્ટરપોલની મદદથી આવનારા સમયમાં વધુ ગુનેગારોને પકડવામાં સરળતા થશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

૧૯૫ સભ્ય દેશો ધરાવતી વિશ્વની સૌથી મોટી પોલીસ સંસ્થા ઈન્ટરપોલની ચાર દિવસીય ૯૦મી જનરલ એસેમ્બલી, ૧૮ થી ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ દરમ્યાન નવી દિલ્હી ખાતે યોજાશે. ૧૯૪૯માં ભારત ઈન્ટરપોલમાં જોડાયું હતું અને 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી સમયે આ કાર્યક્રમની યજમાની ભારતને મળી એ ગૌરવપૂર્ણ બાબત છે. ચાર દિવસ સુધી વિશ્વભરનું પોલીસ નેતૃત્વ ભારતમાં હશે. ભારત સહિત ૧૯૫ સભ્ય દેશોના પોલીસ પ્રતિનિધિઓ આ બેઠકમાં સામેલ થશે તેવું અનુમાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના નિરંતર પ્રયત્નોથી આ બેઠકની યજમાની ભારતને મળી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અત્યારે પોલીસ જેવી રીતે ડ્રગ્સ સહિત ભારે ગુનાઓ સામે લાલ આંખ કરીને આગળ વધી રહી છે, ત્યારે ઈન્ટરપોલની મદદથી, વિદેશોમાં છૂપાઈ ગયેલા ગુનેગારોને પણ શોધવામાં મોટી સફળતાઓ મળી છે. ગુજરાત પોલીસે પણ, વિદેશમાં નાસી જતા મોસ્ટ વોન્ટેડ ગુનેગારોને પકડવા માટે ઈન્ટરપોલની મદદ લીધી છે અને અત્યાર સુધી ચાર ગુનેગારોને દબોચી લેવામાં પોલીસને સફળતા મળી છે. તેમાં સૌથી મહત્વપૂર્ણ કેસ જામનગરમાં એડવોકેટ કિરીટ જોશી હત્યાકાંડ સાથે સંકળાયેલા આરોપી જયેશ પટેલનો છે. તત્કાલિન જામનગર એસપી અને વર્તમાન ગુજરાત એટીએસના ડીઆઈજી દીપેન ભદ્રેનના જણાવ્યા અનુસાર ઈન્ટરપોલ માટે ભારતની નોડલ એજન્સી સીબીઆઈ મારફતે જયેશ પટેલ સામેના આધારભૂત પુરાવા ઈન્ટરપોલ મારફતે યુકેસીએ (યુકેની નોડલ એજન્સી) ને રજૂ કરવામાં આવ્યા હતા. તેના આધારે લંડનમાં આરોપી જયેશ પટેલની ધરપકડ કરવામાં આવી હતી અને અત્યારે તેના પ્રત્યાર્પણ માટે, વેસ્ટમિન્સ્ટર કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. અહીં તે પોર્તુગીઝ નાગરિકની ઓળખ બનાવીને રહેતો હતો. તે સિવાય, વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધી, અન્ય ત્રણ મહત્વપૂર્ણ કિસ્સાઓમાં ગુજરાત પોલીસે ઈન્ટરપોલની સહાયતાથી ગુનેગારો સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. તેમાં આરોપી ધવલ માવાણી (૨૦૧૯), ઝિંગ ફેંગઝી ઉર્ફે રિચર્ડ (૨૦૨૧) અને મુકેશકુમાર વૃન્દાવનદાસ શાહ (૨૦૨૨) સાથે સંકળાયેલા કેસ સામેલ છે. આગામી દિવસોમાં વધુ ગુનેગારો ઉપર સકંજો કસવામાં આવશે. "આંતરરાષ્ટ્રીય સ્તરે ગુનેગારો સુધી પહોંચવા માટે, ઈન્ટરપોલ સાથે સક્રિયપણે કોર્ડિનેશન ચાલી રહ્યું છે. ગુજરાત પોલીસને તેમાં ચાર આરોપીઓને અત્યાર સુધી લોકેટ કરવામાં સફળતા મળી છે. રાજયમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિને નાગરિક હિત અનુસાર જાળવવા માટે અમે આવનારા સમયમાં હજુ વધુ ગુનેગારો સામે કાર્યવાહી કરીશું. ઈન્ટરપોલના સહયોગના લીધે, તેમાં નોંધપાત્ર સહાયતા મળી રહી છે.'' -દીપેન ભદ્રેન, ડીઆઈજી, એટીએસ-ગુજરાત ઈન્ટરપોલની મદદથી, ભારતની કેન્દ્રીય તેમજ રાજયની સુરક્ષા એજન્સીઓની ૧૯૪ દેશની સુરક્ષા એજન્સીઓ સુધીની પહોંચ બની છે. ઈન્ટરપોલ ગ્લોબલ કમ્યુનિકેશન સિસ્ટમની મદદથી આ સેતુ બંધાયો છે, જેની મદદથી પોલીસ ગુનેગારોની શોધખોળ અને તપાસમાં સહાયતા મેળવી શકે છે. ભારતે ઈન્ટરપોલને પૂરતો સહયોગ આપ્યો છે અને સંસ્થાના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે છે.

દર વર્ષે એક વખત ઈન્ટરપોલની જનરલ એસેમ્બલી યોજાય છે. રોટેશનના આધારે, દરેક સભ્ય દેશ આ બેઠકની યજમાની કરે છે. ભારતને ૨૫ વર્ષબાદ આ બેઠકની યજમાનીનો મોકો મળ્યો છે. ભારત તરફથી, ઈન્ટરપોલ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી સીબીઆઈ આ એસેમ્બલીની યજમાની કરશે. જનરલ એસેમ્બલીમાં સભ્ય દેશોની જરૂરિયાતો ઉપર ધ્યાન આપવામાં આવે છે. તે સિવાય એસેમ્બલીમાં એક્ઝીક્યૂટિવ કમિટીના સભ્યોની પસંદગી પણ કરવામાં આવે છે, જેઓ એસેમ્બલીના સત્રની વચ્ચે માર્ગદર્શન આપે છે. ઠરાવ તરીકે એસેમ્બલીમાં નિર્ણયો કરવામાં આવે છે. દરેક સભ્ય દેશ પાસે એક મત હોય છે. આ વર્ષે દિલ્હીમાં યોજાનારી બેઠકમાં, સાયબર અને પ્રોફેશનલ ગુનાઓ તેમજ બાળકો વિરુદ્ધ થતા ગુનાઓ સહિતના વિષયો ઉપર ચર્ચા થશે. તે સિવાય સભ્ય દેશો વચ્ચે ક્રાઈમનો ડેટા અને તેને નિયંત્રિત કરવા માટેના ઉપાયો અને તેમાં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજીનું આદાનપ્રદાન થશે.

# સાળંગપુરધામ ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૪મો વાર્ષિક પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૧૫

સુપ્રસિદ્ધ અને પવિત્ર યાત્રાધામ સાળંગપુરના કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૪મો વાર્ષિક પાટોત્સવ તા.૧૪-૧૦-૨૦૨૨ને શુક્રવારના રોજ ભવ્ય રીતે ઉજવાયો. જેમાં દાદાના દર્શન, અભિષેક, અન્નકૂટ, મારૂતિ યજ્ઞ પૂજન દર્શન, કથાશ્રવણના દર્શન એવં વડતાલ દેશ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારજ, લાલજી મહારાજ - બ્રહ્મનિષ્ઠ સંતોના દર્શન-આશીર્વચન વિગેરેનો લાભ હરિભક્તોએ લીધો હતો.



આ પ્રસંગે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી, સવારે ૮:૦૦ કલાકે અભિષેક, ૧૧:૦૦ કલાકે છપ્પનભોગ અન્નકૂટ આરતી તેમજ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા યજ્ઞ પૂર્ણાહૂતી કરવામાં આવેલ.

કથાકાર શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા પોતાની સુમધુરશૈલીમાં "શ્રી હનુમાન ચરિત્ર કથા'' શ્રવણ કરાવી પૂર્ણાહૂતિ બપોરે ૧૨:૦૦ કલાકે કરવામાં આવેલ હતી.

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૪મો વાર્ષિક પાટોત્સવ નિમિતે દાદાને વિશેષ વાઘાનો તેમજ સિંહાસનને ફૂલોથી શણગારવામાં આવેલ તથા દાદાના મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યુ હતું અને સંસ્થા દ્વારા વિશેષ સગવડ કરવામાં આવી હતી.

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૪મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી, શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) તથા તમામ સંતમંડળ-પાર્ષદમંડળ દ્વારા સમગ્ર મહોત્સવનું સંચાલન કરવામાં આવ્યુ હતું.

# જામકંડોરણાના સાજડિયાળી ગામની પ્રાથમિક શાળાના બાળકોને વિનામૂલ્યે નોટબુક-બોલપેનનું વિતરણ

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૫

ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા જામકંડોરણાના સાજડિયાળી ગામની પ્રાથમિક શાળાના બાળકોને વિનામૂલ્યે નોટબુક (ચોપડા) અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગૌ સેવા સમિતિ જામકંડોરણા દ્વારા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડીની આગેવાનીમાં જામકંડોરણા તાલુકાના



સાજડિયાળી ગામના સરકારી શાળાના તમામ બાળકોને ચોપડા (નોટબુક) અને બોલપેન વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જામકંડોરણા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ કરશનભાઈ સોરઠીયાએ અધ્યક્ષસ્થાને હાજરી આપી હતી. સાજડિયાળી શાળાના પ્રિન્સિપાલ વિજય રાણપરિયાએ શાળાવતી ગૌસેવા સમિતિના સભ્યો અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

શાળાની બાળાઓ દ્વારા પુષ્પ આપી મહેમાનોનું સ્વાગત કરાયું હતું. પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને ગૌસેવા સમિતિ દ્વારા થતા સેવાકીય કાર્યો જણાવ્યા હતા. આ કાર્યક્રમમાં સાજડિયાળી સરપંચ કલ્પેશભાઈ રાણપરિયા, માજી સરપંચ ભરતભાઈ રાણપરિયા, હિન્દુ ધર્મ સેના જામકંડોરણા સંગઠન મંત્રી અલ્પેશભાઈ વિષ્ણુસ્વામી, ગૌ સેવા સમિતિના ટ્રસ્ટી વનરાજસિંહ ચૌહાણ, કરણી સેના મહામંત્રી જિતેન્દ્રસિંહ વાળા અને શાળાના સ્ટાફ પરિવાર મિત્રો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પ્રિન્સીપાલ વિજયભાઈ રાણપરિયાએ કર્યું હતું.

# સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં ફુડ શાખાનું ચેકિંગ



## મેઈન બજાર સહિત મંદિર પાસે મીઠાઈ તેમજ પેંડાનો પ્રસાદ વેંચતા દુકાનોમાં ચેકીંગ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

વીરપુર તા.૧૫

જેમાં મેઈન બજાર સહિત મંદિર પાસે મીઠાઈ તેમજ પેંડાનો પ્રસાદ વેંચતા દુકાનોમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. ફુડ વિભાગના અધિકારીઓ દ્વારા પેંડા સહિતની મીઠાઈઓ કે જે વિરપુર પૂજ્ય જલારામ બાપાના દર્શન કરવા માટે આવતા લાખો યાત્રાળુઓ પ્રસાદ માટે ખરીદી કરતા હોય છે જેમને લઈને પેંડા સહિતની પ્રસાદના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ઉલ્લેખનિય છે કે, યાત્રાધામ વીરપુરમાં પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતિ આગામી ૩૧ ઓક્ટોબરે હોવાથી તે પહેલા ફુડ શાખાના ચેકીંગથી પેંડા પ્રસાદ તેમજ મીઠાઓની દુકાનદારોમાં ફફડાટ ફેલાયો હતો જયારે પ્રસાદ માટે પેંડા વેંચતા દુકાનદારો ફટાફટ દુકાનો બંધ કરીને જતા રહ્યા હતા, ફુડ શાખના અધિકારીઓએ જણાવ્યું હતું કે સેમ્પલના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં દીવાળીના તહેવારોના દિવસોમાં તેમજ પૂજ્ય જલારામ બાપાની ૨૨૩મી જન્મ જયંતિ આવી રહી હોય ત્યારે યાત્રાધામ વીરપુરમાં લાખો યાત્રાળુઓ વીરપુર આવતા હોય છે જેમને લઈને હજુ પણ બજારોમાં પ્રસાદ માટે વેચાતા પેંડા સહિતની મીઠાઈઓના ફુડ વિભાગના ચેકિંગની પ્રસનીય કામગીરી કરવામાં આવે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા મીઠાઈના વેપારીઓ ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે તેવી યાત્રાળુઓ તેમજ લોકોમાં માંગ ઉઠવા પામી છે.

# ખંભાળિયામાંથી દારૂના જથ્થા પ્રકરણમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૫

ખંભાળિયા તથા કલ્યાણપુર પંથકમાં અહીંના બે શખ્સો દ્વારા વિદેશી દારૂની હેરાફેરી પ્રકરણમાં જૂનાગઢ જિલ્લાના ધંધુસર ગામના ફરાર એવા શખ્સનું નામ ખુલતા અહીંની એલસીબી પોલીસે સઘન કાર્યવાહી કરી ભુપત ઉર્ફે વિપુલ સુત્રેજાની અટકાયત કરી હતી. કલ્યાણપુર તાલુકામાંથી આશરે પખવાડિયા પૂર્વે ૪૦૦ પેટી જેટલો વિદેશી દારૂનો તોતિંગ જથ્થો મળી આવ્યો હતો

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ • ટચૂકડી જાહેર ખબર • જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

# ૨૫ દેશના રક્ષાપ્રધાન અને ૭૦ દેશના સભ્યો ગાંધીનગર આવશે



## ડિફેન્સ એક્સ્પોમાં ૧.૨૫ લાખ કરોડનું રોકાણ, ૪૦૦થી વધુ MOU થવાની શક્યતા

ગાંધીનગર તા.૧૫

મહાત્મા મંદિરમાં ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા શરૂ થઈ રહેલા ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૯મી ઓક્ટોબરને બુધવારે ઉદઘાટન કરશે. તે પહેલા અહીના હેલિપેટ ગ્રાઉન્ડ નજીક આવેલા એક્ઝિબિશન સેન્ટરમાં ભારતમાં ડિફેન્સ ક્ષેત્રની ૧૩૦૦ કંપનીના પાંચ દિવસિય એક્ઝિબિશનને ખુલ્લું મુકશે. ડિફેન્સ એક્સ્પો- ૨૦૨૨માં ભાગ લેવા માટે ૭૦ દેશોના ડેલિગેટ્સ અને ૨૫થી વધુ દેશોમાંથી સંરક્ષણ મંત્રીઓ ગુજરાત આવી રહ્યા છે. ગાંધીનગરમાં બે સ્થળે, અમદાવાદના રિવરફ્રન્ટ અને ગુજરાતમાં ત્રણ સ્થળે યોજનાર ડિફેન્સ એક્સ્પો ભારતમાં અત્યાર સુધીનો સૌથી મોટુ આયોજન છે. જેનાથી દેશમાં આ ક્ષેત્રે રૂપિયા ૧.૨૫ લાખ કરોડથી વધુના રોકાણ માટે ૪૦૦થી વધુ ખઘઞ થવાની અપેક્ષા છે. એમ ભારતના સંરક્ષણ સચિવ ડો. અજયકુમારે જણાવ્યું હતું. છેલ્લે ચેન્નાઈ ખાતે વર્ષ ૨૦૧૮માં એક્સ્પોનું આયોજન થયું ત્યારે તેમાં ૧,૦૨૮ કંપનીઓએ ભાગ લીધો હતો. આ વખતે ૧,૩૨૦ કંપનીઓ જોડાઈ છે. આ વખતે ત્રણ બાબતોને પ્રમુખ સ્થાને રાખીને આયોજન થયું છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા તૈયાર થયેલા સ્વદેશી ડિઝાઈનના એરક્રાફ્ટ પ્રથમ વખત પ્રદર્શિત કરવામાં આવશે. અહીના ડીસામાં નવા વિકસિત એરબેઝનું વર્ચ્યુઅલ રીતે ઉદઘાટન પણ કરવામાં આવનાર છે. મહાત્મા મંદિરમાં ૨૨ ઓક્ટોબર સુધી યોજનારા એક્સ્પોમાં ભારત અને આફ્રિકા વચ્ચે વિવિધ વિષયો ઉપર ચર્ચાસત્રોનું પણ આયોજન કરવામા આવ્યુ છે. ભારતના સરંક્ષણ ઉત્પાદન મંત્રાલયના અધિક સચિવ સંજય જાજુએ કહ્યું કે, આ સેમિનાર દેશના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં યોજાશે. એક્સ્પો દરમ્યાન હિંદ મહાસાગર ક્ષેત્ર પ્લસના ૪૦ દેશો માટે પણ કોન્કલેવનું આયોજન કરાયું છે. તદ્ઉપરાંત અમદાવાદ રિવરફ્રન્ટ ઉપર ક્રાફ્ટ શો અને પોરબંદર ખાતે નવીની શીપનું પ્રદર્શન પણ યોજનારા છે.

# તા.૧૬ ઓકટોબરના નાયબ મામલતદાર-સેકશન ઓફિસર વર્ગ-૩ની પરીક્ષા યોજાશે

## ૬૬ પરીક્ષા કેન્દ્ર ઉપર જૂનાગઢ જિલ્લાના ૧૫૬૭૫ ઉમેદવાર પ્રાથમિક પરીક્ષા આપશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૫

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજીત નાયબ મામલતદાર - સેકશન ઓફિસર વર્ગ-૩ની પ્રાથમિક કસોટીની પરીક્ષા રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તા.૧૬ ઓકટબરના રોજ જૂનાગઢ જિલ્લાના ૬૬ પરીક્ષા કેન્દ્રો અને ૬૫૪ બ્લોક ઉપર યોજાશે. જેમાં ૧૫૬૭૫ ઉમેદવાર પરીક્ષા આપશે. તા.૧૬ ઓકટોબરના રોજ જૂનાગઢ શહેરના ૫૮ તથા કેશોદ શહેરના ૮ મળી કુલ ૬૬ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે.

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેક્શન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

જવાહર સાયકલ કંપની
એજન્સીઝ
★ ટાટા સાયકલ
★ હીરો સાયકલ
★ હરક્યુલસ સાયકલ
★ બી.એસ.એ. સાયકલ
★ કોરાડો સાયકલ
★ ફનરાઈઝ ટ્રાયસીકલ



ડો. આંબેડકરના બાવલા પાસે, કાળવા ચોક, જૂનાગઢ
મો. નં. ૭૯૯૦૧ ૧૪૭૫૨


દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે



દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● મસાલાપુરી ● દહીપુરી ● સેવપુરી ● ભેળ ● દાબેલી ● દિલ્હી ચાટ ● લસણીયા બટેટા ● સમોસા રગડો ● રગડા પેટીસ ● બાસ્કેટ ચાટ
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
દિપાવલીનાં તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

મીલાદ/ખતમ માટે
★ સ્પે. નાન ખટાઈ મળશે
★ પફ, પાઉં, બ્રેડ ગરમ મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
મો. ૯૮૨૪૦૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# અમેરિકામાં ભારતીયો ઉપર વધતા જતા હુમલા ચિંતાજનક

અમેરિકામાં છેલ્લા કેટલાંક વર્ષો સુધી ભારતીય મૂળના લોકો કે ભારતથી કામ કરવા આવેલા લોકોને મોડેલ માઈનોરિટી કે આદર્શ અલ્પસંખ્યક કહેવાતા હતા. આદર્શ એ અર્થમાં કે અમેરિકાઆવીને નોકરી કરવી, પૈસા કમાવા અને અમેરિકી રંગમાં રંગાઈ જવું. સાઈઠના દાયકામાં જ્યારે અમેરિકી નિયમોમાં બદલાવ થયા, તો મોટી સંખ્યામાં ભારતથી લોકોનું અમેરિકા આવવું થયું. એ દરમ્યાન આવનાર લોકોમાં ખાસ તો એ લોકો હતા, જે વિજ્ઞાન અને મેડિસિનના ક્ષેત્ર સાથે જોડાયેલા હતા. તેમને અહીં સારી નોકરીઓ ઉપર બોલાવવામાં આવ્યા અને તેમને અહીં બહેતર જિંદગી મળી. નેવુંના દાયકામાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં આવેલા ઉછાળા બાદ મોટી સંખ્યામાં ભારતીય સોફ્ટવેર એન્જિનિયર અમેરિકા આવ્યા. ધીમે ધીમે અમેરિકાના પશ્ચિમી વિસ્તાર એટલે કે કેલિફોર્નિયા અને આસપાસના રાજ્યોમાં ભારતીય લોકોની મોટી આબાદી વસી. પૂર્વી તટ, જ્યાં કમ્પ્યૂટર સાથે જોડાયેલી કંપનીઓનું કામ હતું, ત્યાં પણ ભારતીય એન્જિનિયરો વસતા ગયા. સાઈઠ અને સિત્તેરના દાયકામાં ભારતીયો પ્રત્યે વંશીય ભેદભાવની ઘટનાઓ બહુ ઓછી થતી હતી, કારણ કે સાઈઠના દાયકામાં અમેરિકામાં સિવિલ રાઈટ્સ આંદોલન ચાલી રહ્યું હતું. સિત્તેર અને એંશીના દાયકા સુધી ભારતીય લોકોની સંખ્યા પણ ઓછી હતી. નેવુંના દાયકામાં જ્યારે ભારતીયોની સંખ્યા વધી તો તેમના વિરૂધ્ધ ભેદભાવની છૂટક ઘટનાઓ વધવા લાગી. તેનું એક કારણ એ પણ હતું કે, નેવુંના દાયકા સુધી ભારતીય મૂળના લોકોની એક નવી પેઢી ઊભી થઈ ગઈ હતી, જે માત્ર દેખાવમાં ભારતીય લાગતી હતી, પરંતુ તે અહીંજ પેદા થઈ અને ઉછરી હતી. આ પેઢીએ ભેદભાવનો સામનો કર્યો અને પોતાની સાથે થનારા ભેદભાવનો રિપોર્ટ પણ કરવા લાગ્યા. એ જ દરમ્યાન ૨૦૦૧માં ૧૧ સપ્ટેમ્બરની ઘટના બની તથા અરબી અને ભારતીય લોકો, ખાસ કરીને શીખો સાથે મારપીટની કેટલીય ઘટનાઓ થઈ. વીસેક વર્ષ વીતતાં એવી ઘટનાઓ ઓછી થઈ, પરંતુ અમેરિકામાં રાઈટ વિંગના ઉભારની સાથે ફરી એક વખત ભારતીય લોકો સાથે ભેદ ભાવ અને વંશીય હિંસાના સમાચારોમાં વધારો થયો છે. ગત દિવસોમાં કેલિફોર્નિયા રાજ્યમાં એક જ પરિવારના ચાર સદસ્યોની હત્યા થઈ છે. આ મામલે ધરપકડ કરવામાં આવી છે અને પોલીસનું કહેવું છે કે હત્યારો માનસિક રૂપે પરેશાન છે, પરંતુ તેના મૂળમાં વંશીય ભેદભાવને નકારી ન શકાય. ૨૦૧૭માં ટ્રમ્પ રાષ્ટ્રપતિ બનવાના થોડા સમય બાદ જ કેન્સાસની એક રેસ્ટોરન્ટમાં એક ભારતીય યુવકની હત્યા કરી દેવામાં આવી હતી અને ત્યાં એવા નારા લગાવવામાં આવ્યા હતા કે, બહારના લોકો અમારા દેશમાંથી નીકળી જાવ. આવી ઘટનાઓ સામાન્ય તો ન થઈ, પરંતુ ગાળાગાળી, મારપીટની ઘટનાઓ, ત્વચાના રંગને લઈને ટિપ્પણીઓ વગેરે થતી રહી છે. ૨૦૨૦માં ભારતીય લોકો વચ્ચે થયેલા એક સર્વેમાં એ વાત સામે આવી કે, દર બેમાંથી એક ભારતીયને પોતાના રંગને કારણે ભદ્દી ટિપ્પણીઓ કે ભેદભાવનો સામનો કરવો પડે છે. લગભગ બારસો ભારતીયો વચ્ચે થયેલ આ ઈન્ડિયન-અમેરિકન એટીટ્યૂટ સર્વેમાં કેટલીય ચોંકાવનારી વાતો સામે આવી છે. સર્વે કરનાર જણાવે છે કે, સત્તર અને એંશીના દાયકામાં ન્યૂયોર્કમાં ભારતીયો સાથે મારપીટની કેટલી ઘટનાઓ થઈ, પરંતુ તેમને મીડિયામાં મોટો મુદ્દો ન બનાવવામાં આવ્યો. આ કડીમાં ૧૯૮૭માં સિટી બેંકના એક ભારતીય અધિકારીની હત્યા પણ સામેલ છે. આ સર્વે અનુસાર લગભગ ૩૧ ટકા લોકોનું માનવું હતું કે, ભારતીયો વિરૂધ્ધ ભેદભાવ એક મોટો મુદ્દો છે, જ્યારે બાકી લોકો અનુસાર તેને એક નાની સમસ્યા રૂપે જોવી જોઈએ. જોકે, સર્વેમાં ભાગ લેનારા દર બેમાંથી એક વ્યક્તિનું કહેવું હતું કે, છેલ્લા બાર મહિનામાં તેમણે કમ સે કમ એક વખત ભેદભાવ સહન કર્યો છે પોતાના રંગને કારણે. રંગ ઉપરાંત ભારતીય લોકો સાથે ભેદભાવનું કારણ તેમનો ધર્મ અને રીતભાત રહી છે. સર્વે અનુસાર ભારતીય મુસ્લિમ મહિલાઓએ સૌથી વધુ ભેદભાવનો સામનો કરવો પડે છે અને એવું કરનારા મોટાભાગે બિન ભારતીય હોય છે. ભારતીયો સાથે ભેદભાવનું એક મોટું કારણ અમેરિકામાં તેમનું સફળ થવું પણ છે. અમેરિકામાં ભારતીય મૂળના લોકોની સરેરાશ આવક વાર્ષિક પંચ્યાશી હજાર ડોલર છે, જ્યારે બાકી અમેરિકાની સરેરાશ આવક ચાલીસ હજાર ડોલર છે. તેનું કારણ એ છે કે, અહીં મોટાભાગના ભારતીય સારા વ્યવસાયોમાં સારા વેતન ઉપર આવ્યા અને પછી તેમનાં બાળકોએ ડોક્ટરી, એન્જિનિયરિંગ કે એવા વ્યવસાય અપનાવ્યા, જેમાં વધુ પૈસા હતા. સામાન્ય રીતે ભારતીય લોકો વિષે એવી માન્યતા છે કે, તેઓ પોતાનાં બાળકોને કોલેજનું શિક્ષણ ચોક્કસ અપાવે છે અને તેમનાં બાળકો ભણવામાં આગળ હોય છે. ભારતીય લોકોમાં પોતાના જ લોકો સાથે રહેવાનું એક ચલણ પણ તેમને અમેરિકી સમાજથી થોડા અલગ પાડે છે. અમેરિકામાં દરેક શહેરમાં જ્યાં પણ ભારતીય લોકોની સંખ્યા વધારે છે, તે એક જ વિસ્તારમાં રહેવું પસંદ કરે છે, જેનું કારણ સારી સ્કૂલ અને ઓળખીતા લોકોના પડોશી હોવાનું કહેવાય છે. એવામાં ભારતીય બાળકો અને પરિવારોનું અમેરિકી મૂળના લોકો સાથે ઉઠવું-બેસવું કે એ સંસ્કૃતિમાં ભળવું સારી રીતે નથી થઈ શકતું. આ બધા કારણો વચ્ચે અમેરિકામાં જ્યારથી રાઈટ વિંગ રાજનીતિનો ઉભાર થયો છે, તો એવી રાજનીતિને સપોર્ટ કરનારા એમ પણ માનવા લાગ્યા છે કે, ભારતીય લોકો સારી નોકરીઓ લઈ લે છે અને તેમના માટે ઓછા વિકલ્પ બચે છે. જોકે, આ બહુ ખોટી ધારણા છે, પરંતુ રાઈટ વિંગના રાજકારણમાં ચીજોનું સામાન્યીકરણ કરી દેવામાં આવે છે. આ સરળીકરણને કારણે સામાન્ય અમેરિકીના મનમાં ભારતીય લોકો માટે નફરત પેદા થવાની આશંકા વધી ગઈ છે, જે ગાળાગાળી, મારપીટ કે ત્યાં સુધી કે હત્યા રૂપે તબદીલ થતી દેખાય છે. એ દુઃખદ છે કે વંશીય હિંસા મામલે જ્યાં અમેરિકી મીડિયા અશ્વેત લોકો વિરૂધ્ધ થનારા ભેદભાવને અત્યંત ગંભીરતાથી લે છે, ત્યાં જ ભારતીય લોકો સાથે થનારા ભેદભાવ ઉપર મીડિયામાં એટલી હલચલ નથી દેખાતી. તેનું એક કારણ ભારતીયોની સંખ્યા ઓછી હોવાનું છે. કેલિફોર્નિયામાં થયેલ હાલના હત્યાકાંડ બાદ આશા રાખવામાં આવે છે કે, ભારતીયો વિરૂધ્ધ થઈ રહેલા ભેદભાવ અને હિંસાની ઘટનાઓને પણ મીડિયા ગંભીરતાથી લેશે. જ્યારે એવું થશે તો એ પ્રકારની ઘટનાઓમાં ચોક્કસ ઘટાડો થશે.

# ગુજરાત : પછાત લોકોની નારાજગીથી ભાજપની મુશ્કેલી વધશે





(રાજેન્દ્ર સિંહ દ્વારા)

અમદાવાદ તા.૧૫

ગુજરાતમાં બદલાયેલી સામાજિક-રાજકીય પરિસ્થિતિમાં ભાજપનો આધાર ૮-૧૦ ટકા ઘટવાની ધારણા છે, જ્યારે કોંગ્રેસ મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. અનામતના પ્રતિભાવમાં આવેલા ફેરફારને કારણે ગુજરાતનો પછાત વર્ગ ભાજપથી ઘણો નારાજ છે, તો અહીં ગુજરાતનું સૌથી મોટું સામાજિક જૂથ ૨૪ ટકા અનામત ક્વોટાની માંગ ઉઠાવી રહ્યું છે. નુકશાન વેઠવું પડી શકે છે. વિધાનસભાની ચૂંટણી સંભવિત છે. ડિસેમ્બર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)એ પ્રી-પોલ સર્વે કર્યા બાદ તેનો રિપોર્ટ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપીનડ્ડા, ગૃહમંત્રીઅમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપ્યો છે. યુનિયનના સર્વેમાં વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં મળેલી સીટોમાં સીધો ફેરફાર જોવા મળી રહ્યો છે. જ્યાં કોંગ્રેસને ૧૧૦થી ૧૨૦ બેઠકો મળવાની સંભાવના છે, ત્યાં ભાજપને ૫૭-૬૦ બેઠકો મળવાનો અંદાજ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જીત માટે અમિત શાહ નરેન્દ્ર મોદીની મુશ્કેલીઓ વધી ગઈ છે અને ગુજરાતમાં ભાજપની જીત માટે તેઓ કોઈપણ હદ સુધી જઈ શકે છે. હાલમાં ગુજરાતમાં જે સામાજિક-રાજકીય પરિસ્થિતિ છે તેના કારણે ગૃહમંત્રી અને વડાપ્રધાનને તેમના જ રાજ્યમાં નુકશાન વેઠવું પડી શકે છે. ગુજરાતના સામાજિક સમીકરણમાં કોળી માછીમાર સમુદાયની વસ્તી ૨૪.૨૨ટકા અને આદિવાસી જાતિ ૧૭.૬૧ ટકા, પટેલ લેઉવા-કડવા પાટીદાર ૧૨.૧૬ ટકા, ઉચ્ચ જાતિ(બ્રાહ્મણ, ક્ષત્રિય, બનિયા) ૮ ટકાથી ઓછી છે. અસ્પૃશ્ય દલિત જાતિઓની વસ્તી અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ૭.૧૭ ટકા ખૂબ ઓછી છે, જ્યારે મુસ્લિમો પણ ૮.૫૩ ટકા છે. પશ્ચિમ ગુજરાત(સૌરાષ્ટ્ર-કચ્છમાં કોળી માછીમારો અને કડવા પાટીદાર(લેઉવા પટેલ)) ખૂબ જ મજબૂત સમર્થન ધરાવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છની ૫૮માંથી ૩૬ બેઠકો ઉપર લેઉવા-કડવા પટેલનું વર્ચસ્વ છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ૪૬ અને દક્ષિણ ગુજરાતમાં ૧૩ છે. કોળીઓની વસ્તી બેઠકોમાં માછીમારો ખૂબ જ નિર્ણાયક છે. સૌરાષ્ટ્રની ૨૪ બેઠકો અને દક્ષિણ ગુજરાતમાં ૧૩ બેઠકો ઉપર કોળીઓનો ૫૦ટકા જેટલો હિસ્સો છે. ભાજપે ગત વખતે રામનાથ કોવિંદને રાષ્ટ્રપતિ બનાવ્યા હતા જેથી કરીને કોળીઓને દલિતોને પણ રાજનીતિ હેઠળ પોતાના પક્ષમાં કરી શકાય. આ વખતે હેતુ દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવવું એ આદિવાસી મતોનું ધ્રુવીકરણ છે. છેલ્લી ચૂંટણીમાં રામનાથ કોવિંદને પ્રચાર કરવામાં આવ્યો ન હતો અને ગુજરાતના કોળીઓની સત્તાને પોતાની સાથે લેવા માટે કોળીને 'કોળી' બનાવ્યા હતા. આ વિષય ઉપર સામાજિક ન્યાય ચિંતક અને માછીમારોના નેતા લખતભાઈ પટેલે જણાવ્યું હતું. રામ નિષાદે કહ્યું કે, રામનાથ કોવિંદને કોળી તરીકે પ્રમોટ કરવા એ એક મોટી ચાલ હતી. તે ભાજપની કપટની રાજનીતિનો એક ભાગ છે, કારણ કે કોરી અને કોળી સંપૂર્ણપણે અલગ છે. ગુજરાતના જાતિ સમીકરણમાં વિવિધ જાતિના બ્રાહ્મણો ૧.૦૬ ટકા છે. રાજપૂત ક્ષત્રિય ૪.૮૫, બાનિયા ૧.૯૬, કડવા-લેઉવા પાટીદાર ૧૪.૫૩ અને અન્ય ઉચ્ચ જાતિ ૧.૧૩ ટકા. કોળી ૨૪.૨૨ ટકા, મોચી ૦.૫૫, ભોઈ ૦.૩૮, ખડવા ૦.૧૯, શિલ્પી ૦૬.૧૩, માળી ૦.૧૨, ભાટ બારોટ ૦.૩૩, ભરવાડ/યાદવ ૦૨ ૦૧, ઘાંચી ૦.૩૨ ટકા, નિષાદ, કેવડા ૭ ટકા, માછીમાં ૭ ટકા, માછીમાં ૭ ટકા અને માછીની વસ્તી છે. ગુજરાતમાં અસ્પૃશ્ય, દલિત ૭.૧૭ ટકા, આદિવાસી ૧૭.૬૧ ટકા, મુસ્લિમ ૮.૫૩ ટકા, ખ્રિસ્તી ૦.૭૫, પારસી ૦.૨૧ ટકા અને ૪.૦૫ ટકા. ગુજરાતમાં કોળી સમુદાય કુણબી પાટીદાર કરતા લગભગ બમણો છે, પરંતુ પટેલો રાજકીય રીતે ખૂબ જ જાગૃત અને મજબૂત બન્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કોળી માછીમારોમાં જાગૃતિ આવી છે. પરંતુ દક્ષિણ ગુજરાત, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં કોળી સમાજના અસરકારક આગેવાનો નથી. પરષોત્તમભાઈ સોલંકી ખૂબ જ મજબુત અને અસરકારક નેતા છે પરંતુ તેમના સીમિત કદના કારણે કોળી સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સોલંકીએ ૨૦૦૧માં નરેન્દ્ર મોદી સાથે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા અને ૨૦૨૧ સુધી રાજ્યકક્ષાના મંત્રી રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલ કેબિનેટમાંથી તેમને છૂટા કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સહિત ૭ પાટીદાર મંત્રીઓ છે. સમગ્ર સરકારમાં પાટીદારોનું વર્ચસ્વ છે. ગત ચૂંટણીમાં પુરૂષોત્તમ સોલંકીએ કોળી સમાજને ભાજપમાંથી ૨૫-૩૦ ટિકિટ આપવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ ઉપરાંત દેવજી ફતેપરા, સોમાગાંડા પટેલ, સત્યનારાયણ પવાર, જગદીશ ઠાકુર જેવા પ્રભાવશાળી કોળી આગેવાનો ઉપરાંત રાજ્યસભાના સાંસદ ચુન્નીભાઈ ગોહિલ, શંકર નાનુભાઈ કોળી અને લોકસભાના સાંસદ ડો. ભારતી શિયાળ પણ છે. જગદીશભાઈ ઠાકોર ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ છે. બ્રાહ્મણ-બનિયા ગઠબંધન કોંગ્રેસના ભદ્ર શાસક વર્ગ ઉપર પ્રભુત્વ ધરાવે છે. રાજ્યમાં ખેતીની જમીનનું ખૂબ જ સરળ વિભાજન હતું. પાછળથી પાટીદાર કૃષિવાદીઓ કોંગ્રેસના ભદ્ર શાસક વર્ગમાં જોડાયા. ૧૯૦૮માં કોંગ્રેસના સ્વાતંત્ર્ય સેનાની કુંવરજી મહેતાએ પાટીદારોને સંગઠિત કરવાનું શરૂ કર્યું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કુણબીઓ એકમાત્ર પાટીદાર છે. પાટીદારોને લેઉવા પટેલ, કડવા પટેલ, આંજણા અને મોતીમાં વિભાજિત કરી શકાય છે. કોળી માછીમારો વસ્તીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે. કોળી સહિત માછીમાર જ્ઞાતિઓની સંખ્યા ૨૯.૮૪ ટકા છે. કોળીઓ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય અને દક્ષિણ ગુજરાતમાં પટેલો કહેવાનું પસંદ કરે છે. કોળીઓ ૮ ટકા શ્રીમંત ખેડૂતો છે અને કોળી, તલાબદાર, પાટણવાડિયા, ચુવાડિયા, મકવાણા, ધારાળા, માચી, માટીયા, ગુલામ, ખાટ, મહાદેવ કોળી, મલ્હાર કોળી, ટોકે કોળી, મહાવર કોળી, સૂર્યવંશી કોળી, ખારવા, દરિયાકાંઠાના અને મેદાની વિભાગ સિવાયના છે. કોળી, ટંડેલ, ખેદર માછીમાર, મહાગીર કોળી, ચેનવાલિયા પેટાવિભાગો છે. ગુજરાતમાં ૨૫ મુખ્ય પ્રધાનોમાંથી ૧૬ મુખ્ય પ્રધાનો ઉચ્ચ જાતિના બ્રાહ્મણો, બનિયા અને ક્ષત્રિયોમાંથી આવ્યા છે, જ્યારે પ્રબળ પાટીદાર જાતિ ૭ પ્રસંગોએ સિંહાસન ઉપર આવી છે. અત્યાર સુધી પછાત અને આદિવાસી જાતિમાંથી એક-એક મુખ્યમંત્રી બન્યા છે. રાજ્યમાં ૨૪.૨૨ ટકાની સૌથી વધુ વસ્તી ધરાવતા કોળી સહિત ૨૯.૮૪ ટકા કોળી નિષાદ માછીમારોમાંથી એક પણ મુખ્યમંત્રીની ગાદીએ પહોંચ્યો નથી. ક્યારેક એક-બે લોકોને રાજ્યકક્ષાના પ્રધાન બનાવવામાં આવે છે. ભૂપેન્દ્ર પટેલ કેબિનેટમાં કોળી સમાજના બે રાજ્ય મંત્રી છે જ્યારે પાટીદાર સમાજ પાસે ૪ મંત્રીમંડળ અને બે મંત્રીમંડળ અને બે રાજ્ય મંત્રી છે. ગુજરાતમાં કોંગ્રેસ હોય કે ભાજપ, પટેલ પાર્ટીમાં જનારાઓને ટિકિટની વહેંચણી ઉપર વધુ ધ્યાન આપે છે. ૧૯૯૭ની વિધાનસભાની ચૂંટણીમાં અનુક્રમે ૩૨ અને ૫૭, કોંગ્રેસ અને ભાજપે ૨૦૦૨ની ચૂંટણીમાં ૪૫ અને ૫૮, ૨૦૦૭ની ચૂંટણીમાં ૪૨ અને ૫૩ અને ૨૦૧૨ની ચૂંટણીમાં ૪૪ અને ૫૮ અને ૨૦૧૭માં ૪૧ અને ૫૩ ટિકિટ મેળવી હતી. પાટીદાર કુણબી સમાજ. જ્યારે આ ચૂંટણીઓમાં બંને પક્ષોએ કોળી સમાજને ૧૪થી વધુ ટિકિટ આપી નથી જે તેમની ઉપેક્ષાની નિશાની છે. ગુજરાતમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા નિર્ધારિત ન હોવાથી ભાજપે રાહતનો શ્વાસ લીધો છે. રાજકીય પંડિતો આશ્ચર્યમાં છે કે, ગુજરાતમાં રાહુલની ભારત જોડો યાત્રાનો કાર્યક્રમ શા માટે નક્કી કરવામાં આવ્યો ન હતો? ભારત જોડો યાત્રા કેરળથી શરૂ થઈ તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ જમ્મુ અને કાશ્મીર પહોંચશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરમાં પ્રસ્તાવિત છે. આ યાત્રા મધ્યપ્રદેશથી રાજસ્થાનમાં પ્રવેશ કરશે. જો આ યાત્રા મહારાષ્ટ્રથી ગુજરાત થઈને મધ્યપ્રદેશમાં પ્રવેશશે તો કોંગ્રેસને સારો ટેકો મળ્યો હોત. આખરે ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સક્રિયતાનું નુકશાન કયા પક્ષને વેઠવું પડશે તે હજુ ભવિષ્યના ગર્ભમાં છે. વધારાના મતો મેળવવાનો પડકાર છે. અંદર ભાજપ નેતૃત્વ અને વડાપ્રધાન, ગૃહમંત્રી ગુજરાતના કિલ્લાને બચાવવા માટે ભારે ચિંતિત છે. ગુજરાત વિધાનસભાની ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજસ્થાનના આદિવાસી આસ્થા કેન્દ્ર ગુજરાતના મધ્યપ્રદેશની સરહદે આવેલા માનગઢમાં વડાપ્રધાનના કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાષ્ટ્રીય નિષાદ સંઘના રાષ્ટ્રીય સચિવ અને સામાજિક ન્યાય ચિંતક લખતનરામ નિષાદ કહે છે કે, કોળી સાગરપુત્ર જ્યાં રહે, ત્યાં ગુજરાતની સત્તા એમ સાગરપટ્ટીમાં કહેવાય રહ્યું છે.

# ગરીબ કલ્યાણ મેળાની ૧૩મી કડીનો પંચમહાલ આદિજાતિ વિસ્તાર ગોધરાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## ૧૩માં તબક્કામાં બે દિવસીય ગરીબ કલ્યાણ મેળા અભિયાન અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં ૩૭ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે મુખ્યમંત્રીએ પંચાયત વિભાગની વિવિધ ૨૨ જેટલી યોજનાઓને સમાવી લેતી 'આગેકૂચ' કોફી ટેબલ બુકનું કર્યું વિમોચન



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરીબોના સશક્તિકરણ માટેના ગરીબ કલ્યાણ મેળાની ૧૩મી કડીનો આદિજાતિ વિસ્તાર ગોધરાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે કહ્યું કે, ગરીબો, વંચિતોને સરકારી યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડી તેમને આત્મનિર્ભર બનાવવા સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રીનો પદભાર સંભાળતાં જ તેમના પ્રથમ પ્રવચનમાં કહ્યું હતું કે, સરકાર ગરીબ, વંચિત, પીડિત, શોષિત, અંત્યોદય ઉત્થાનને અગ્રતા આપશે. આ વાતને ગરીબ કલ્યાણ મેળાએ સુપેરે ચરિતાર્થ કરી છે. મુખ્યમંત્રીએ આદિજાતિ જિલ્લા પંચમહાલ-ગોધરાથી આ ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવતાંએક જ દિવસમાં ૩૫,૫૮૩ ઉપરાંત લાભાર્થીઓને ૨૮૧ કરોડ રૂપિયાની વિવિધ સહાયનું વિતરણ કર્યુ હતું. રાજયના અન્ય જિલ્લા મથકોએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓએ ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. ૧૩મી કડીના આ ગરીબ કલ્યાણ મેળાઓ તા.૧૪ અને ૧૫ બે દિવસ માટે ૩૩ જિલ્લા અને ૪ મહાનગરોમળી ૩૭ સ્થળોએ યોજાવાના છે. રાજ્ય સરકારના કાર્યમંત્ર હર હાથ કો કામ, હર કામ કા સન્માનનો ઉલ્લેખ કરતા ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સરકારી યોજનાઓના લાભો અને સહાય સીધેસીધા ગરીબોને હાથોહાથ આપવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ તબક્કામાં ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી ૧.૬૫ કરોડ દરિદ્રનારાયણોને ૩૪,૫૯૬ કરોડના લાભ-સહાય હાથોહાથ પહોંચાડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં ૩૫,૫૮૩ ઉપરાંત લાભાર્થીઓને ૨૮૧ કરોડની વિવિધ સહાયનું મુખ્યમંત્રી તથા મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ પંચાયત વિભાગની વિવિધ ૨૨ જેટલી યોજનાઓને સમાવી લેતી 'આગેકૂચ' કોફી ટેબલ બુકનું વિમોચન પણ કર્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે પોતાના સ્વાર્થ માટે કામ કરે છે
તેને જગતમાં કે સમાજમાં ક્યાંય આદર મળતો નથી.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.ખોરદાદ-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, આસો વદ-૬ છઠ્ઠની વૃધ્ધિ છે તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૮, મૃગશીર્ષ નક્ષત્ર, વરિયાન યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૧૦:૦૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ: સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન: માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક : નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : સામસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક : ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન : ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર : ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ : કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન : કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

# ગાંધી આશ્રમની આ પવિત્ર ભૂમિ ઉપર આવીને ધન્યતા અનુભવું છું : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ

## ઉપરાષ્ટ્રપતિપદનો કાર્યભાર સંભાળ્યા પછી પહેલીવાર ગુજરાત પ્રવાસે આવેલા જગદીપ ધનખડજીએ સાબરમતી આશ્રમની મુલાકાત લીધી : ગાંધી આશ્રમ ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૫

ઉપરાષ્ટ્રપતિપદનો કાર્યભાર સંભાળ્યા પછી પહેલીવાર ગુજરાતના પ્રવાસે આવેલાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડજીએ અમદાવાદમાં ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ભારતની આઝાદી આંદોલનના કેન્દ્ર સમા અને મહાત્મા ગાંધીની કર્મભૂમિ એવા ગાંધી આશ્રમના પરિસરમાં આવેલ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ કરીને ઉપરાષ્ટ્રપતિએ ધન્યતા અનુભવી હતી. ગાંધી આશ્રમની ઉપરાષ્ટ્રપતિની આ મુલાકાત વેળાએ રાજયપાલ આચાર્ય દેવવ્રત તથા કુટીર ઉદ્યોગ અને પ્રોટોકોલ મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડજીએ મહાત્મા ગાંધીના જીવન અને આઝાદી આંદોલનના સંઘર્ષને દર્શાવતા પ્રદર્શનને નિહાળ્યું હતું. સાથોસાથ બૃહદ આશ્રમ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના મોડલને નિહાળીને જાણકારી મેળવી હતી. ઉપરાષ્ટ્રપતિએ મહાત્મા ગાંધીના નિવાસસ્થાન હૃદયકુંજની મુલાકાત લીધી હતી અને ગાંધીજીના તૈલચિત્રને સૂતરનો હાર પહેરાવી વંદના કરી હતી. ઉપરાષ્ટ્રપતિનાં ધર્મપત્નીએ ચરખો કાંત્યો હતો. ઉપરાષ્ટ્રપતિએ હૃદયકુંજની નજીક આવેલી મીરાંબહેન તથા મહાદેવભાઈ દેસાઈની કુટીરો પણ નિહાળી હતી. ઉપરાષ્ટ્રપતિએ ગાંધી આશ્રમની મુલાકાતના અનુભવ અને અનુભૂતિને વિઝિટર્સ બુકમાં વર્ણવી હતી. ઉપરાષ્ટ્રપતિએ લખ્યું હતું કે, ગાંધી વિચાર અને જીવનશૈલીને ઉજાગર કરતી આ પવિત્ર ભૂમિ ઉપર આવીને ધન્યતા અનુભવું છું. આ પાવન સ્થાનેથી ગાંધીજીએ નમક સત્યાગ્રહનો પ્રારંભ કરેલો અને દુનિયાને સત્ય અને અહિંસાની તાકાતનો પરચો આપેલો. આ આશ્રમ ગાંધીજીના વારસાનું ખૂબ સારી રીતે જતન કરે છે. સેવા અને માનવતાને જાળવી રાખવા સતત પ્રોત્સાહન અને પ્રેરણા આપતા આ આશ્રમની મુલાકાત એ રાષ્ટ્રીય યાત્રાધામની મુલાકાત સમાન છે. સાબરમતી આશ્રમ ટ્રસ્ટના અગ્રણી અમૃત મોદી તથા નીતિન શુક્લે ઉપરાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું તથા ગાંધી આશ્રમ અને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે જાણકારી આપી હતી.

# ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરનાર પાસેથી ૯૭ કરોડના દંડની વસુલાત



(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૧૫

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોમાં ટિકીટ વગર મુસાફરી કરતા લોકો સામે લાલ આંખ કરી છે. રેલવેમાં ટિકીટ વગરના ૧૪.૩૯ લાખ મુસાફરો પાસેથી પશ્ચિમ રેલવેએ રેકોર્ડ બ્રેક ૯૭ કરોડનો દંડ માત્ર ૬ મહિનામાં વસુલ્યો છે. રેલવેમાં ટિકીટ વગર મુસાફરી કરતા મુસાફરો અને બુકિંગ વગર વાહનોની હેરાફેરી કરતા તત્વો સામે દંડનીય કાર્યવાહી કરીને રેલવે દર વર્ષે કરોડોની કમાણી કરે છે. આ વર્ષે ૬ મહિનામાં જ રૂા.૯૭.૧૭ કરોડનો દંડ વસુલ કર્યો છે. જે ગત વર્ષની સરખામણીમાં ૨૯૫ ટકા વધુ છે. ચાલુ વર્ષે માત્ર સપ્ટેમ્બર મહિનામાં ૧.૫૯ લાખ લોકો ટિકિટ વગર ટ્રેનોમાં મુસાફરી કરતા ઝડપાયા હતા અને તેમની પાસેથી રૂા.૯.૯ કરોડનો દંડ વસુલાયો છે.


# સમગ્ર ભારતમાં ૨૬ માહિતી આયોગોમાં ૩.૧૪ લાખ RTI અપીલ અને ફરિયાદો પેન્ડિંગ છે

નવી દિલ્હી તા.૧૫

દેશમાં ૩૦ જૂન ૨૦૨૨ સુધીમાં દેશભરના ૨૬ માહિતી આયોગોમાં ૩.૧૪ લાખ માહિતી અધિકાર અધિનિયમની અપીલો અને ફરિયાદો પેન્ડિંગ છે. ભારતમાં RTI કાયદાના અમલની સત્તરમી વર્ષગાંઠ ઉપર આ સ્થિતિ છે. RTI એક્ટ ૧૨ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો. ૨૦૧૯ના મૂલ્યાંકનમાં જાણવા મળ્યું હતું કે ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં, ૨૬ માહિતી કમિશનમાં કુલ ૨,૧૮,૩૪૭ અપીલ/ફરિયાદ પેન્ડિંગ હતી જે ૩૦ જૂન ૨૦૨૧ સુધીમાં વધીને ૨,૮૬,૩૨૫ ઉપર પહોંચી ગઈ હતી. ૧ જુલાઈ ૨૦૨૧થી ૩૦ જૂન ૨૦૨૨ની વચ્ચે ૨૫ માહિતી આયોગ દ્વારા ઓછામાં ઓછી ૨,૧૨,૪૪૩ અપીલ અને ફરિયાદો નોંધવામાં આવી હતી જેમના માટે સંબંધિત માહિતી ઉપલબ્ધ હતી. તે જ સમયગાળા દરમ્યાન ૨૭ કમિશન દ્વારા ૨,૨૭,૯૫૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો જેની માહિતી મેળવી શકાય છે. આના પગલે, એલજીના સચિવાલયે દિલ્હીના મુખ્ય સચિવને વહેલી તકે સુધારાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. દિલ્હી સરકારે હજુ સુધી આ અંગે સત્તાવાર ટિપ્પણી કરી નથી. સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનમાં, કમિશ્નરની ત્રણ જગ્યાઓ ખાલી છે, તેમ છતાં ફરિયાદોનો બેકલોગ હાલમાં લગભગ ૨૬,૮૦૦ છે. ડિસેમ્બર ૨૦૧૯માં, જ્યારે CICમાં ચાર જગ્યાઓ ખાલી હતી, ત્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ત્રણ મહિનાના સમયગાળામાં તમામ ખાલી જગ્યાઓ ભરવાનો આદેશ આપ્યો હતો. જોકે, તેણે માત્ર એક નવા કમિશ્નરની નિમણૂંક કરી અને હાલના કમિશ્નરને CICના પદ ઉપર બઢતી આપી હતી. સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં, CIC અને અન્ય કમિશ્નરે તેમનો કાર્યકાળ પૂરો કર્યો અને CIC સહિત કુલ ૬ જગ્યાઓ ખાલી પડી હતી. નવેમ્બર ૨૦૨૦માં, ત્રણ નવા કમિશ્નરોની નિમણૂંક કરવામાં આવી હતી અને વર્તમાન કમિશ્નરન CIC બનાવવામાં આવ્યા હતા, જેનાથી ખાલી જગ્યાઓની સંખ્યા ત્રણ થઈ ગઈ હતી. આ અહેવાલ જણાવે છે કે બે માહિતી આયોગ - ઝારખંડ અને ત્રિપુરામાં - સંપૂર્ણ રીતે નિષ્ક્રિય છે કારણ કે પદ છોડનારા અધિકારીઓના સ્થાને કોઈ નવા કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી નથી. મણિપુર, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશના રાજ્ય માહિતી આયોગોમાં પણ કોઈ પ્રમુખ નથી. પશ્ચિમ બંગાળની SIC ૭ જૂન ૨૦૨૨થી પ્રમુખ વિના કામ કરી રહી છે, જ્યારે આંધ્ર પ્રદેશ SICના ચીફ ૬ જુલાઈ ૨૦૨૨ના રોજ નિવૃત્ત થયા હતા ત્યારથી વર્તમાન કમિશ્નરને ચીફનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે, જોકે કાયદામાં તેના માટે આવી કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. નાગાલેન્ડની SIC જાન્યુઆરી ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી ૨૫ મહિના માટે અને ઓડિશાની SIC ઑગસ્ટ અને ઑક્ટોબર ૨૦૨૧ વચ્ચે લગભગ બે મહિનાના સમયગાળા સુધી વડાની નિમણૂંક વિના કાર્ય કરતી હતી.

RTIના કાયદા હેઠળ, માહિતી કમિશનમાં મુખ્ય માહિતી કમિશ્નર અને ૧૦ જેટલા માહિતી કમિશ્નર હોય છે. જો કે, આ નેક માહિતી આયોગો ઓછી ક્ષમતા સાથે કાર્યરત છે. મહારાષ્ટ્ર છેલ્લા ઘણા મહિનાઓથી મુખ્ય સહિત માત્ર પાંચ માહિતી કમિશ્નરો સાથે કામ કરી રહ્યુ છે. તેના કારણે, પડતર અપીલ/ફરિયાદોની સંખ્યામાં ચિંતાજનક દરે વધારો થયો છે. ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં લગભગ ૪૬,૦૦૦ અપીલ અને ફરિયાદો પેન્ડિંગ હતી, મે ૨૦૨૧ સુધીમાં બેકલોગ વધીને લગભગ ૭૫,૦૦૦ થઈ ગયો હતો અને જૂન ૨૦૨૨ સુધીમાં લગભગ ૧ લાખની ચિંતાજનક સપાટીએ પહોંચી ગયો હતો. આ પેન્ડિંગ કેસોમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો છે. ૨૧,૦૦૦થી વધુ ફરિયાદોનો બેકલોગ હોવા છતાં છેલ્લા ઘણા મહિનાઓથી બિહાર એસઆઈસી માત્ર ચાર કમિશ્નરો સાથે કાર્યરત છે. મહારાષ્ટ્રના SICએ સમીક્ષા હેઠળના સમયગાળા દરમ્યાન સૌથી વધુ સંખ્યામાં અપીલ અને ફરિયાદો (૪૮,૧૭૪) નોંધી છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશ (૩૪,૫૬૭) અને કર્ણાટક (૨૬,૬૯૪) છે. તમિલનાડુની SICએ RTI કાયદા હેઠળ જરૂરી માહિતી પ્રદાન કરી ન હતી, અને એવો દાવો કર્યો કે આ માહિતી વિધાનસભાની મંજૂરી વિના પ્રદાન કરી શકાતી નથી, જોકે RTIકાયદા હેઠળ આવી કોઈ જોગવાઈ અસ્તિત્વમાં નથી. આ માહિતી TN SIC વેબસાઈટ ઉપર પણ નથી. યુપી એસઆઈસીએ સૌથી વધુ (૩૯,૩૫૨) કેસનો નિકાલ કર્યો છે, ત્યારબાદ સીઆઈસી (૩૦,૩૦૨) અને કર્ણાટક (૨૫,૭૧૦) છે.

કેસોના બેકલોગ અને તેમના નિકાલના માસિક દરના ડેટાનો ઉપયોગ કરીને, એવી ગણતરી કરવામાં આવી હતી કે CICમાં ફરિયાદના નિકાલ માટે જરૂરી અંદાજિત સમય ૧૧ મહિનાનો હતો. ઓડિશા અને મહારાષ્ટ્ર એસઆઈસીમાં, નિકાલ માટેનો અંદાજિત સમય પાંચ વર્ષથી વધુ અને બિહારમાં બે વર્ષથી વધુ છે. મૂલ્યાંકન દર્શાવે છે કે ૧૨ કમિશનને મામલાના નિકાલ માટે એક વર્ષ કે તેથી વધુ સમય લાગશે. એ નોંધવું જોઈએ કે પશ્ચિમ બંગાળ એસઆઈસીને મામલાના નિકાલમાં ૨૪ વર્ષ અને ત્રણ મહિનાનો સમય લાગશે. અહેવાલમાં જણાવાયું છે કે મોટાભાગના કમિશન ગુપ્તતા હેઠળ કામ કરે છે. આરટીઆઈ એક્ટની કલમ ૨૫ દરેક કમિશનને દર વર્ષે આ કાયદાની જોગવાઈઓના અમલીકરણ અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે બાધ્ય કરે છે જે સંસદ અથવા રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવાનો હોય છે. જો કે, અહેવાલ જણાવે છે કે ઘણા પંચોએ તેમના વાર્ષિક અહેવાલો પ્રકાશિત કર્યા નથી. ૨૯ માંથી 20 IC (૬૯%)એ ૨૦૨૦-૨૧ માટે તેમનો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કર્યો નથી. અરૂણાચલ પ્રદેશ, આસામ,૨ છત્તીસગઢ, ગુજરાત, મિઝોરમ, સિક્કિમ અને ઉત્તર પ્રદેશના માત્ર CIC અને SICએ ૨૦૨૧ માટેનો તેમનો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કર્યો છે અને તેને સત્તાવાર વેબસાઈટ્સ ઉપર છે. વધુમાં, કર્ણાટકના SICએ RTI કાયદા હેઠળ માહિતી આપી નથી. આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના SICએ અગાઉના રાજ્ય આંધ્ર પ્રદેશના વિભાજન બાદ, ૨૦૧૭માં સંબંધિત SICની રચના પછી તેમનો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કર્યો નથી.




# એક ભારતીય યુવાન સ્ટાર્ટઅપ સાથે લાખો દુકાનદારો માટે કેલ્ક્યુલેટરને 'સ્માર્ટ' બનાવી રહ્યો

અલ્હાબાદ તા.૧૫

છ વર્ષ પહેલા Tohandsના સહસ્થાપક પ્રવીણ મિશ્રાએ વિચાર્યું હતું કે 'સ્માર્ટ' કેલ્ક્યુલેટર બનાવવું એ યોગ્ય નથી અને તેને કોઈ ખરીદશે નહીં. પરંતુ જ્યારે તેણે બેંગ્લુરૂના સરજાપુરામાં એક નાનકડો સ્ટોર ચલાવતી એક મહિલાને તમામ વ્યવહારો ઉપર નજર રાખવા માટે સંઘર્ષ કરતી જોઈ, ત્યારે મિશ્રાને એક 'સ્માર્ટ' કેલ્ક્યુલેટરનું મહત્ત્વ સમજાયું હતું જે ડેટા પણ રેકોર્ડ કરે છે. મિશ્રાએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, જ્યારે હું આ મહિલાને મળ્યો, ત્યારે મને જાણવા મળ્યું કે તે કેલ્ક્યુલેટર ઉપર અંતિમ રકમની ગણતરી કરતી હતી અને તેને કાગળ ઉપર લખતી હતી અને પછી દિવસના અંતે તે ફરીથી કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરીને અંતિમ રકમની ગણતરી કરશે. કેલ્ક્યુલેટરનો મૂળભૂત ઉપયોગ ગણતરી છે પરંતુ અમે ગણતરીના ભાગની બધી વસ્તુઓ કરી શકીએ છીએ પણ અમને લાગે છે કે સ્માર્ટ કેલ્ક્યુલેટર દુકાનદારો માટે ખરેખર સારૂં સાધન છે. ઉત્તરપ્રદેશના પ્રતાપગઢના રહેવાસી મિશ્રાએ ૨૦૧૭માં સત્યમ સાહુ અને ષણમુગાવ દિવાલ સાથે મળીને ટોહેન્ડ્સની શરૂઆત કરી હતી. આ ત્રણેય સહ-સ્થાપક બિઝનેસના જુદા-જુદા ડોમેન્સનું સંચાલન કરે છે, મિશ્રા વસ્તુઓનું ઉત્પાદનનું સંચાલન કરે છે, સાહુ એપ અને સોફ્ટવેર જુએ છે અને વાડીવલ હાર્ડવેર સંભાળે છે. મિશ્રાએ અવલોકન કર્યું હતું કે, નાના વેપારી માલિકો ન તો ડિજિટલ કેશબુક મોબાઈલ એપ્સનો ઉપયોગ કરી શકતા નથી અને ન તો તેમની પાસે મોંઘા બિલિંગ મશીનોમાં રોકાણ કરવા માટે સંસાધનો છે. રોજિંદા જીવનમાં સંકળાયેલી નિયમિત ગણતરીઓ કરવા માટે તેઓ જે પસંદ કરે છે તે એક સરળ કેલ્ક્યુલેટર છે. ભારતમાં નાના વ્યવસાયોની કરોડરજ્જુ હજુ પણ કેલ્ક્યુલેટર છે. ૨૧ વર્ષીય મિશ્રાએ કેલ્ક્યુલેટરની એક નવી પુર્નઃ કલ્પના કરવાનું નક્કી કર્યું પરંતુ પડકાર એ હતો કે તેને કેવી રીતે વધુ સારૂં બનાવવું. છેવટે કેલ્ક્યુલેટર પહેલાથી જ એવું ઉપકરણ છે જે ગણતરીઓ મિનિટોમાં કરવા માટે એક ઝડપી અને અનુકૂળ રીત છે. 'સ્માર્ટ' કેલ્ક્યુલેટર મિશ્રાનું પ્રથમ સંસ્કરણ એ ઉપકરણનું રાસ્પબેરી પી-સંચાલિત પ્રોટોટાઈપ હતું, જેમાં કીબોર્ડ અને બે બટનો હતા- એક ક્રેડિટ માટે અને બીજું ડેબિટ માટે. ત્યારબાદ મિશ્રા દુકાનદારો પાસે ગયા અને સ્માર્ટ કેલ્ક્યુલેટરમાં તેમની રૂચિ જાણવા માટે પ્રોટોટાઈપ ઉપકરણ બતાવ્યું. શરૂઆતમાં તેઓ ઉપકરણના સાત પ્રી-ઓર્ડર લેવામાં સફળ રહ્યા, પરંતુ મિશ્રા અને ટીમે ટૂંક સમયમાં કેલ્ક્યુલેટરના નવા સંસ્કરણ ઉપર કામ શરૂ કર્યું હતું. આ નવું બીજું સંસ્કરણ વધુ સારૂં ઉત્પાદન હતું અને તેમાં ગણતરીની કાર્યક્ષમતા તેમજ ક્રેડિટ અને ડેબિટની સુવિધા હતી પરંતુ તેની સ્ક્રીન નાની હતી અને ઉપકરણ મેમ્બ્રેન કીબોર્ડનો ઉપયોગ કરે છે. હૈદરાબાદના રાયદુરગામ ખાતે IT સ્ટાર્ટઅપ્સ માટેના ઈન્ક્યુબેશન સેન્ટર, T-hub ખાતે સ્ટાર્ટઅપની પસંદગી થયા પછી જ મિશ્રા અને ટીમને હાર્ડવેર સાથે સ્માર્ટ કેલ્ક્યુલેટરને વાસ્તવિકતા બનાવવા માટે ડિઝાઈન તૈયાર કરવાનું શરૂ કર્યું. સ્માર્ટ કેલ્ક્યુલેટરનું ત્રીજું સંસ્કરણ, જે હવે કંપનીની વેબસાઈટ ઉપર પ્રીઓર્ડર માટે ઉપલબ્ધ છે, તે વધુ વપરાશકર્તા- મૈત્રીપૂર્ણ છે અને પ્રથમ અને બીજા સંસ્કરણો કરતાં ઘણું વધારે કામ કરી શકે છે. મિશ્રા ૩૦૦૦ રૂપિયામાં આ કેલ્ક્યુલેટર વેચે છે. તેમણે કહ્યું કે, કેલ્ક્યુલેટરનું કદ મોટું છે કારણ કે અમે ઈચ્છતા હતા કે તે કાઉન્ટરટોપ કેલ્ક્યુલેટર બને. પ્રોડક્ટ ડિઝાઈન કરતી વખતે દુકાનદારની પસંદગીને ધ્યાનમાં રાખીને મોટા બટનો જેવી નાની વસ્તુઓ ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો હતો. દાખલા તરીકે કેશ-ઈન અને કેશ-આઉટ બટનો લીલા અને લાલ રંગમાં આવે છે જેથી દુકાનદારને ખબર પડે કે જ્યારે તેઓ લીલું બટન દબાવશે ત્યારે તેનો અર્થ છે કે, વેચાણ પૂર્ણ થઈ ગયું છે અને લાલ રંગ ખર્ચનું પ્રતીક છે. સ્માર્ટ કેલ્ક્યુલેટર પાછળનો મૂળ વિચાર પરંપરાગત કેલ્ક્યુલેટરથી અલગ નથી. નિયમિત કેલ્ક્યુલેટરની જેમ, તમે મૂળભૂત ગણતરીઓ કરી શકો છો. તફાવત એ છે કે, તમે આ ગણતરીઓ રેકોર્ડ કરી શકો છો અને તે 'સ્માર્ટ' એંગલ છે. કનેક્ટેડ કેલ્ક્યુલેટર Wi-Fiને સપોર્ટ કરે છે અને એક મોબાઈલ એપ્લિકેશન સાથે તે તમારા સ્માર્ટફોન પર ટ્રાન્ઝેક્શન બતાવે છે. તેમાં 16MB બિલ્ટ-ઈન મેમરી છે, જે ૫ મિલિયન ટ્રાન્ઝેક્શન સ્ટોર કરી શકે છે. આ ઉપકરણ 2400mAh રિચાર્જેબલ બેટરી, ચાર્જિંગ માટે USB-C પોર્ટ અને ડોટ-મેટ્રિક્સ ડિસ્પ્લે સાથે આવે છે. મિશ્રાએ કહ્યું કે, તે OTA અપડેટ્સ દ્વારા નવી સુવિધાઓ અને ક્ષમતાઓને સુધારવાની યોજના ધરાવે છે. ભવિષ્યમાં સ્માર્ટ કેલ્ક્યુલેટર એ રેકોર્ડ કરવાની ક્ષમતા ધરાવશે કે તમે કોને ચૂકવણી કરી અથવા કોની પાસેથી ચૂકવણી કરી છે, તે આવશ્યકપણે ગ્રાહકની વિગતો મેળવી આપશે. તેનાથી દુકાનદારને તેમના ગ્રાહકોના નામ અને મોબાઈલ નંબર રેકોર્ડ કરવામાં મદદ મળશે. તેમના ગ્રાહકોના ડેટાની એક્સેસનો અર્થ એ છે કે, દુકાનદાર વ્યવહારો રેકોર્ડ કરી શકે છે અને યાદ રાખી શકે છે કે, કોણે ઉધાર લીધું છે અને લોન ચૂકવવાની નિયત તારીખ ક્યારે છે. આ સ્માર્ટ કેલ્ક્યુલેટર ભારતમાં ડિઝાઈન તૈયાર કરીને બનાવવામાં આવ્યું છે. તેમની વર્તમાન યોજના દર મહિને ૨૦૦૦ યુનિટ બનાવવાની છે અને ધીમે-ધીમે તેને આગામી વર્ષ સુધીમાં ૧ લાખ યુનિટ સુધી વિસ્તારવાની છે. આ સ્ટાર્ટઅપને અત્યાર સુધીમાં ટી-હબ સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડમાંથી રોકાણ તરીકે રૂા.૩૦ લાખ અને એન્જલ રોકાણકારો પાસેથી રૂા.૨૦ લાખ મળ્યા છે. મિશ્રા આ પૈસાનો ઉપયોગ સ્માર્ટ કેલ્ક્યુલેટર બનાવવા માટે કરશે. મિશ્રાની કંપની એવા થોડા સક્રિય સ્ટાર્ટઅપ્સ પૈકી એક છે જે હાર્ડવેર બનાવવા અંગે પ્રયાસ કરી રહી છે. ભારતમાં હાર્ડવેર પ્રોડક્ટની ડિઝાઈન અને નિર્માણ સરળ નથી, આ જ કારણ છે કે, એક અબજથી વધુ લોકોની વસ્તી ધરાવતા દેશમાં વિશિષ્ટ હાર્ડવેર સ્ટાર્ટઅપનો અભાવ છે. મિશ્રાએ કહ્યું કે, હાર્ડવેરમાં તેને પ્રારંભિક એડેપ્ટરની જરૂર છે અને ભારતમાં ગ્રાહકો પ્રારંભિક એડેપ્ટર નથી. તેઓ તૈયાર ઉત્પાદનો ઈચ્છે છે કારણ કે અમારી અપેક્ષાઓ ખરેખર ઊંચી છે અને જ્યારે સ્થાનિક કંપની તેમની અપેક્ષાઓ ઉપર ખરી ઉતરતી નથી, ત્યારે તેઓ બહારની બજારમાંથી સારી ગુણવત્તાની પ્રોડક્ટ મેળવવાનું પસંદ કરે છે. પ્રારંભિક તબક્કામાં જો ગુણવત્તા સારી ન હોવાને કારણે તમને ગ્રાહકો ન મળે અને તમારી પાસે ગ્રાહક આકર્ષણ ન હોવાથી રોકાણકાર તમને ભંડોળ આપશે નહીં.

# આ વર્ષે ઓક્ટોબરમાં દિલ્હીમાં ૬૬ વર્ષમાં સૌથી વધુ વરસાદ, ઉત્તરીય ક્ષેત્રમાં પણ હજુ સુધી 'ચોમાસા'એ શા માટે વિદાય લીધી નથી ?

નવી દિલ્હી તા.૧૫

ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં આ મહિને અત્યાર સુધીમાં ૧૨૮.૨ મીમી વરસાદ નોંધાયો છે, જે છેલ્લા ૬૬ વર્ષમાં ઓક્ટોબરમાં સૌથી વધુ છે. IMD મુજબ ઓક્ટોબર ૧૯૫૬માં શહેરમાં ૨૩૬.૨ mm વરસાદ નોંધાયો હતો. દિલ્હીમાં ઓલ-ટાઈમ માસિક વરસાદનો રેકોર્ડ ૨૩૮.૨ mm છે, જે ૧૯૫૪માં આવ્યો હતો. મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી ૧૨૮.૨ mm વરસાદ નોંધાયો હતો જે શહેરમાં ઓક્ટોબરનો ચોથો સૌથી વધુ વરસાદ છે. આ દરમ્યાન ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. રાજ્યમાં તાજેતરમાં વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે ૧૧ લોકોના મોત થયા છે. પરંતુ ઑક્ટોબરની મધ્ય નજીક આવતાં પણ વરસાદ શા માટે જોરદાર ચાલુ છે ? વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષેપ)ના પરિણામે ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં વરસાદ થાય છે જે મધ્ય અને ઉપલા ટ્રોપોસ્ફિયરમાં રચાય છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, દક્ષિણ હરિયાણા અને તેની આસપાસના વિસ્તારોમાં નીચલા ઉષ્ણકટિબંધીય સ્તરોમાં ચક્રવાતી પરિભ્રમણ સાથે, આ ૬૪ ડિગ્રી પૂર્વથી ૨૫ ડિગ્રી ઉત્તરે ચાલે છે. ટ્રોપોસ્ફિયર એ વાતાવરણનું સૌથી નીચું સ્તર છે, જે દરિયાની સપાટીથી ૧૦ કિલોમીટર સુધી ફેલાયેલું છે અને તેમાં મોટાભાગના વાદળો છે, જેમાં વરસાદી વાદળોનો સમાવેશ થાય છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની ક્રિયાપ્રતિક્રિયાને કારણે બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ૧૧ ઑક્ટોબરના રોજ, દિવસ દરમ્યાન ઉત્તરાખંડ, પંજાબ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં તેમજ પૂર્વ ઉત્તર પ્રદેશના ભાગોમાં વ્યાપક ભારે વરસાદ અને વાવાઝોડાં આવવાની ધારણા છે. અગાઉ, પૂર્વીય પવનો દિલ્હીથી પૂર્વ રાજસ્થાન સુધી વિસ્તરેલા વાદળોના પરિણામે અરબી સમુદ્રમાંથી ભેજ વહન કરતા હતા, જેના કારણે અગાઉના સપ્તાહમાં ભારે વરસાદ થયો હતો. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ભારતીય હવામાન વિભાગ (IMD)એ ત્રણ વર્ષ પહેલા દેશના કેટલાક પ્રદેશો માટે ચોમાસાની શરૂઆત અને તે સમાપ્ત થવાની અપેક્ષિત તારીખોમાં સુધારો કર્યો હતો. છેલ્લા ૫૦ વર્ષોમાં જોવા મળેલા વલણોને ધ્યાનમાં લેતા, ઉત્તર, ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારત માટે સમાપ્તિની તારીખો એકથી બે અઠવાડિયા પાછળ ધકેલવામાં આવી હતી. ડાઉન ટુ અર્થના અહેવાલમાં જણાવાયું છે કે IMD વર્તમાન વરસાદને ચોમાસાના વરસાદ તરીકે વર્ગીકૃત કરશે નહીં કારણ કે હવામાન એજન્સી ૩૦ સપ્ટેમ્બરે ચોમાસાના ડેટા રેકોર્ડ કરવાનું બંધ કરે છે. આ તારીખ પછીના કોઈપણ વરસાદને 'ચોમાસા પછીનો વરસાદ' ગણવામાં આવે છે, આ વરસાદ મુખ્યત્વે હવામાન પ્રણાલીઓને કારણે થાય છે જે ચોમાસાની ઋતુ દરમ્યાન રચાય છે. આવું સતત ત્રીજા વર્ષે બન્યું છે. ઓક્ટોબરમાં આવો જ વરસાદ ૨૦૨૧ અને તેના એક વર્ષ પહેલા પણ થયો હતો. આનાથી ભારતની ચોમાસાની મોસમની વર્તમાન વ્યાખ્યાની તપાસ જરૂરી છે, જે જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલે છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બેના ક્લાઈમેટ સાયન્ટિસ્ટે ડાઉન ટુ અર્થને જણાવ્યું હતું કે જો આ વલણ ચાલુ રહેશે તો ચોમાસાની વ્યાખ્યા બદલવી પડશે. કોઈપણ રીતે કેલેન્ડરની તારીખ કરતાં

# રાજ્ય સરકારે ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકો સાથે ફરી છેતરપિંડી કર્યાનો આક્ષેપ

ડીસા, તા.૧૫

રાજ્ય સરકારે ગૌશાળા-પાંજરાપોળ સંચાલકો સાથે ગૌપોષણ યોજનાના રૂપિયા ૫૦૦ કરોડ આપવામાં ફરી છેતરપીંડી કરી હોવાના આક્ષેપ સાથે બનાસકાંઠા જિલ્લાના ડીસાના પાંજરાપોળ સંચાલકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરિયાદ કરી છે. ગુજરાત સરકારે ગત બજેટમાં રાજ્યભરની ૧૭૦૦ જેટલી ગૌશાળાઓમાં આશ્રય લઈ રહેલા જીવોના નિભાવ માટે રૂપિયા ૫૦૦ કરોડની મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના જાહેર કરી હતી. જોકે સરકારે સાત મહિના સુધી ગૌશાળા-પાંજરાપોળ સંચાલકોને એક પણ રૂપિયો ન ફાળવતા અનેક રજૂઆતો બાદ સંચાલકોએ આંદોલન શરૂ કર્યું હતું અને ગત તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી યાત્રાધામ અંબાજી ખાતે આવવાના હતા ત્યારે મોટી સંખ્યામાં વિરોધ નોધાવવાનો કાર્યક્રમ ઘડ્યો હતો. જોકે ગૌ સેવકો વડાપ્રધાનનો વિરોધ કરે તે અગાઉ સરકારે મંત્રીઓ મધ્યસ્થી રાખી વડાપ્રધાન અંબાજીથી ગૌપોષણ યોજનાનો પ્રારંભ કરાવશે તેવી જાહેરાત કરી હતી. જેમાં નરેન્દ્ર મોદીએ ગૌપોષણ યોજનાની જાહેરાત કરી માત્ર પાંચ ગૌશાળાઓને પ્રતિક રૂપે સહાયના ચેક અર્પણ કર્યા હતા અને સરકારે કહ્યું હતું કે રાજ્યની તમામ ગૌશાળા-પાંજરાપોળોને બે -ત્રણ દિવસમાં ગૌપોષણ યોજનાના ચેક મળી જશે. જોકે આ વાતને બાર દિવસ થવા છતાં હજુ સુધી એક પણ ગૌશાળા-પાંજરાપોળોને સહાયનો ચેક મળ્યો નથી જેમાં પણ વડાપ્રધાનના હસ્તે આપવામાં આવેલા પ્રતીક ચેકવાળી

# કેરળમાં અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા : 'મેલી વિદ્યાની વિધિ'ના નામે બે મહિલાઓની બલિ ધાર્મિક અને રાજકીય જૂથોએ આરોપીઓને અનુકરણીય સજાની માંગ કરી

કોચીન તા.૧૫

કેરળમાં 'માનવ બલિદાન'માં બે મહિલાઓની ઘાતકી હત્યાથી દક્ષિણ ભારતીય રાજ્યની છબી ખરાબ થઈ છે. આ રાજ્ય દેશમાં શૈક્ષણિક રીતે સૌથી આધુનિક છે અને ડાબેરી પક્ષોનું કેન્દ્ર છે. લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF), જેની આગેવાની હેઠળની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (CPM) હાલમાં રાજ્યમાં પીનરાઈ વિજયન મુખ્યમંત્રી તરીકે સત્તામાં છે. આ સંબંધમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં ભગવાલ સિંહ, તેની પત્ની લૈલા અને મોહમ્મદ શફી છે. સિંઘ અને લૈલા સીપીએમના કાર્યકરો હોવાનું કહેવાય છે. શિક્ષણની પ્રગતિ સાથે 'માનવ બલિદાન' જેવી અંધશ્રદ્ધાળુ પ્રથાઓનો અંત આવવો જોઈએ પરંતુ નાણાકીય સમૃદ્ધિ માટે 'મેલીવિદ્યાની વિધિ' તરીકે બે મહિલાઓની હત્યા સૂચવે છે કે સાક્ષરતા દરમાં વધારો થવાથી આપણા દેશમાં અંધશ્રદ્ધા પ્રથાઓને કાબૂમાં લેવામાં મદદ મળી નથી. આ પહેલા, અન્ય ઘણા રાજ્યોમાં માનવ બલિદાન સાથે સંકળાયેલી આવી ઘણી ઘટનાઓ નોંધાઈ હતી. પોલીસ અધિકારીઓ કહે છે કે આ ઘાતકી ગુનાને યોગ્ય આયોજન સાથે અંજામ આપવામાં આવ્યો હતો. શફી માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે, તેણે નકલી નામ 'શ્રીદેવી' સાથે નકલી ફેસબુક એકાઉન્ટ બનાવ્યું, અને દાવો કર્યો કે તે એવી ધાર્મિક વિધિઓ કરી શકે છે જે વ્યક્તિને સમૃદ્ધ બનાવે છે. અને આરોપી દંપતી ભગવાલ સિંહ અને લૈલાએ ફેસબુક ઉપર તેની જાહેરાતનો જવાબ આપ્યો હતો. શફીએ સૂચવ્યું કે માનવ બલિદાન તેમને સમૃદ્ધ બનાવશે. કથિત રીતે નાણાંકીય સમસ્યાઓનો સામનો કરી રહેલા દંપતી તેમના સૂચન સાથે સંમત થયા હતા. કોચીમાં તેના એક સંબંધીની રેસ્ટોરન્ટમાં કામ કરતો શફી લોટરી ટિકિટ વેન્ડર રોઝેલી (૪૯) અને પદ્મમ (૫૨) સહિત કેટલીક મહિલાઓના સંપર્કમાં આવ્યો હતો. તેઓ અવારનવાર રેસ્ટોરન્ટમાં આવતા હતા. શફીએ રોઝેલીને એક ફિલ્મમાં રોલ ઓફર કર્યો અને રૂા. તેના માટે ૧૦ લાખ આપવાની વાત કરી હતી. રોઝેલીને પથનમથિટ્ટા જિલ્લાના તિરુવલ્લા નજીક એલાનતુર ગામમાં સિંહના ઘરે લઈ જવામાં આવી હતી. તેણીને પલંગ સાથે બાંધી દેવામાં આવી હતી અને ગુપ્ત વિધિ કર્યા પછી તેની હત્યા કરવામાં આવી હતી. લૈલાએ તેનું માથું કાપી નાખ્યું હતું, અને પછી શરીરના ટુકડા કરી દીધા હતા અને દંપતીના બંગલામાં દફનાવવામાં આવ્યા હતા. થોડા સમય પછી, દંપતીએ શફીને ફરિયાદ કરી કે બલિદાનથી તેમની આર્થિક સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. શફીએ સૂચવ્યું કે દંપતી ઉપર કોઈ પ્રકારના શ્રાપને કારણે બીજા માનવ બલિદાનની જરૂર પડશે. દંપતી ફરીથી શફીની યુક્તિઓ માટે સંમત થયા હતા. આ વખતે તે પદ્મમને તે જ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને તેણીની હત્યા કરવામાં આવી હતી, અને તેણીના શરીરના પણ ટુકડા કરી ઘરના આંગણામાં દાટી દીધા હતા. રોઝેલીની હત્યા જુલાઈમાં થઈ હતી, જ્યારે પદ્મમની હત્યા સપ્ટેમ્બરમાં થઈ હતી. જોકે, તેની બહેને ગુમ થયાની ફરિયાદ નોંધાવતાં પોલીસ સક્રિય બની હતી. પોલીસે પદ્મમના ગુમ થયા પહેલા તેના દ્વારા કરાયેલા કોલનો અભ્યાસ કર્યો હતો. પોલીસને જાણવા મળ્યું કે જ્યારે તે ગાયબ થઈ ત્યારે તેણે શફીને સૌથી વધુ કોલ કર્યા હતા. તેના ફોન નંબરના આધારે શફીને પકડીને પૂછપરછ કરવામાં આવી હતી. તેણે પોલીસને સમગ્ર ઘટના વિષે જણાવ્યું હતું. આ ઘટના પછી ધાર્મિક જૂથો અને રાજકીય નેતાઓએ તેની નિંદા કરી છે. તેમણે આ માનવ બલિદાનની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. મોરચાના રાષ્ટ્રીય સંયોજક, કહ્યું કે આર્થિક સમૃદ્ધિ માટે શંકાસ્પદ 'મેલીવિદ્યાની વિધિ'ના ભાગરૂપે કેરળના પથાનમથિટ્ટા જિલ્લાના એલાંતુર ગામની બે મહિલાઓની નિર્દય હત્યાને અમે સ્પષ્ટપણે વખોડીએ છીએ. આવા ગુનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તેમણે આ ઘૃણાસ્પદ હત્યાની ઝીણવટભરી તપાસ અને આરોપીઓને અનુકરણીય સજા કરવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે, દુર્ભાગ્યે, આવી ઘટનાઓને ધર્મ સાથે જોડવામાં આવે છે, જ્યારે તેને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. તે ગુપ્ત પ્રથાનો ભાગ છે અને કેટલાક તકવાદી લોકો દ્વારા તેમના અંગત લાભ માટે ઉપયોગ કરવામાં આવે છે. અમે આ પ્રથાઓની નિંદા કરીએ છીએ અને લોકોને તેમનાથી દૂર રહેવાની અપીલ કરીએ છીએ. ધર્મ હિંસા, અપરાધ અને આવી દુષ્ટ પ્રથાઓને સમર્થન આપતો નથી. કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને કહ્યું કે અંધશ્રદ્ધાળુ માન્યતાઓ ઉપર આધારિત સંપત્તિ માટે લોકોની હત્યા કલ્પનાની બહારની વાત છે. રદરમ્યાન રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)એ રાજ્ય પોલીસ પાસેથી રિપોર્ટ માંગ્યો છે. કેરળના મુસ્લિમ જૂથે કાળા જાદુ, મેલીવિદ્યા વિરૂધ્ધ કાયદો બનાવવાની માંગ કરી છે કેરળ સ્થિત 'વિઝડમ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન'એ રાજય સરકારને લોકોના શોષણ માટે કાળા જાદુ અને જાદુટોણાને રોકવા માટે કાયદો ઘડવા જણાવ્યું છે. સંસ્થાએ ૨૦૧૪માં આવી જ માંગણી કરી હતી જ્યારે કોલ્લમ જિલ્લાના કરૂણાગપ્પલ્લીમાં એક મહિલાને કાળા જાદુના પ્રેક્ટિશનર દ્વારા ત્રાસ આપવામાં આવ્યો હતો. વેલફેર પાર્ટી ઓફ ઈન્ડિયાના કેરળ એકમ અને જમાત-એઈસ્લામી હિંદના રાજ્ય એકમે બે મહિલાઓની ઘાતકી હત્યાની નિંદા કરી છે. આ બંને સંગઠનોએ જઘન્ય અપરાધમાં

# સુર્ય ગ્રહણ વિષે જૂનાગઢના જયોતિષી દિનેશકુમાર ભટ્ટનું અવલોકન

આગામી સુર્ય ગ્રહણ આસો વદી અમાસ મંગળવાર તા.૨૫-૧૦-૨૦૨૨ ના રોજ તુલા રાશિમાં આ ગ્રહણ સુર્યગ્રહણ ભારતમાં દેખાવાનું છે. તેમજ ધાર્મિક રીતે પાડવાનું છે. આ ગ્રહણ ભારત ઉપરાંત એશિયા, યુરોપ, પુર્વ આફ્રિકા, અફઘાનિસ્તાન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી વગેરે દેશોમાં દેખાશે. ભારતના પુર્વ ભાગમાં ત્રિપુરા, મણીપુર, નાગાલેન્ડ, મેઘાલય, આસામ આ પ્રદેશોમાં આ ગ્રહણ દેખાશે નહીં. આ ગ્રહણનો મોટા ભાગમાં મોક્ષ ભારતમાં સુર્યાસ્ત થઈ જતો હોવાથી ગ્રહણનો મોટા ભાગના મોક્ષ ભારતમાં નહીં દેખાય.

| | ક. | મિ. | સે. |
|---|---|---|---|
| (૧) ગ્રહણ સ્પર્શ: | ૧૪ | ૨૮ | ૨૧ |
| (૨) ગ્રહણ મધ્ય: | ૧૬ | ૩૦ | ૧૬ |
| (૩) ગ્રહણ મોક્ષ: | ૧૮ | ૩૨ | ૧૧ |

નોંધ : ઉપર ગ્રહણ સ્પર્શ, ગ્રહણ મધ્ય તેમજ ગ્રહણની મોઠા ભૂમંડલમાં થયેલ તેનો વર્તારો બતાવેલ છે.

જૂનાગઢમાં ગ્રહણનો સ્પર્શ મંગળવારે તા.૨૫-૧૦-૨૦૨૨ના રોજ બપોરના ૪ કલાક ૩૫ મિનીટથી છે. ગ્રહણનો મોક્ષ સાંજે ૬ કલાક ૨૯ મિનીટ સુધી છે. ગ્રહણનો પર્વકાળ ૧ કલાક ૫૪ મિનીટ સુધી છે.

ગ્રહણનો સમય સ્પર્શથી મોઠા સુધી પુણ્ય કાળ છે. અને જયાં જે સ્થળે દેખાય (જે પ્રદેશ) ત્યાંજ પુણ્યકાળ જયારે ગ્રહણ સમય સ્પર્શ મોક્ષ દરમ્યાન વાદળા વરસાદને કારણે ગ્રહણ ન જોઈ શકાય તો પણ સ્પર્શ પહેલા અને મોઠા પછી સ્નાન કરવું. ગ્રહણ દરમ્યાન ઈષ્ટદેવના જપ કરવા.

ગ્રહણ દરમ્યાન કરવાના કાર્ય તમારા ઈષ્ટદેવના મંત્ર, જપ, પાઠ તેમજ ગ્રહણ સમયે મંત્ર દિક્ષા લેવામાં આવે છે. મંત્ર જપથી દસાંસ હોમ તર્પણ કરવું.

ગ્રહણ દરમ્યાન ન કરવાના કાર્ય ગ્રહણ દરમ્યાન શયન કરવું નહીં. લઘુશંકા કરવી નહીં, ભોજન કરવું નહીં, મળત્યાગ કરવો નહીં તેમજ મૈથુન કરવું નહીં.

ગ્રહણ પુરૂં થયાન બાદ સ્નાન કરવું, કુવાના પાણીનું સ્નાન ઉત્તમ છે. ઝરણાનું પાણી તેમજ તળાવનું પાણી ઉત્તમ છે. નદીનું પાણી પણ ઉત્તમ છે. ગંગાજીનું જળ અતિ ઉત્તમ ગણાય છે અને સમુદ્રનું જળ અતિ ઉત્તમ ગણાય છે. ગ્રહણના સ્પર્શ પહેલા મોક્ષ પછી સ્નાન કરી ગ્રહણ પુરૂં થયા બાદ ગાયનું દાન, ભૂમિ દાન, સોનાનું દાન, ધાન્યનું દાન વગેરે કરવું. ગ્રહણનો વેધ તા.૨૫-૧૦-૨૨ થી વહેલી સવારે ૪ કલાક ૪૫ મિનીટથી શરૂ થાય છે તેથી ત્યારબાદ ભોજન કરવું નહીં. તેમજ બપોરે ૧૨ કલાક ૩ મિનીટ પછી પાણી પીવું નહીં. બાળકો, રોગી, અશકત માણસ, અતિ વૃધ્ધ વગેરેએ બપોરે ૧૨ કલાક ૩ મિનીટ પછી ગ્રહણ પાડવું.

**રાશિવાર ગ્રહણનું શુભ ફળ**

(૧) મેષ રાશિઃ મિશ્રફળ, ઘઉંનું દા, વસ્ત્ર, ગોળ વગેરેનું દાન કરવું.

(૨) વૃષભ રાશિઃ શુભ ફળ, સફેદ તલ, ચોખા, સફેદ વસ્ત્ર, ચાંદી વગેરેનું દાન કરવું.

(૩) મિથુન રાશિઃ મિશ્ર ફળ, લીલુ વસ્ત્ર, મગ વગેરેનું દાન કરવું.

(૪) કર્ક રાશિઃ અશુભ ફળ, સફેદ તલ, ચોખા, ખાંડ, ઘી, સફેદ વસ્ત્ર વગેરેનું દાન કરવું.

(૫) સિંહ રાશિઃ શુભ ફળ, ઘઉંનું દાન, લાલ વસ્ત્ર, ગોળ વગેરેનું દાન કરવું.

(૬) કન્યા રાશિઃ મીશ્ર ફળ, લીલું વસ્ત્ર, મગ વગેરેનું દાન કરવું.

(૭) તુલા રાશિઃ અશુભ ફળ, સફેદ તલ, ચોખા, ઘી, સફેદ વસ્ત્ર, ખાંડ, ચાંદી વગેરેનું દાન કરવું.

(૮) વૃશ્ચિક રાશિઃ અશુભ ફળ, લાલ વસ્ત્ર, ઘઉં, ગોળ વગેરેનું દાન કરવું.

(૯) ધન રાશિઃ શુભ ફળ, પીળુ વસ્ત્ર, પીળુ વસ્ત્ર, ચણાની દાળ, સોનાનું દાન કરવું.

(૧૦) મકર રાશિઃ શુભ ફળ, કાળા તલ, કાળુ વસ્ત્ર, કાળા અડદ, સ્ટીલના વાસણનું દાન કરવું.

(૧૧) કુંભ રાશિઃ મિશ્ર ફળ, તલ, કાળા વસ્ત્ર, કાળા અડદ, સ્ટીલના વાસણનું દાન કરવું.

(૧૨) મીન રાશિઃ અશુભ ફળ, પીળુ વસ્ત્ર, ચણાની દાળ, સોનાનું દાન કરવું.

**જયોતિષિ: દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**
**પંચહાટડી ચોક, શારદાર શેરી, જૂનાગઢ**
**મો.૯૮૨૪૪ ૨૨૨૮૦**

# ખંભાળિયામાં ગુજરાત ગૌરવ યાત્રાનું આગમન : વિશાળ જાહેર સભા યોજાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત ગૌરવયાત્રાનું આગમન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં પાર્ટીના નેતાઓ, હોદ્દેદારો, કાર્યકરો જોડાયા હતા. દેવભૂમિ દ્વારકાથી શરૂ થયેલી ગુજરાત ગૌરવ યાત્રા જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં ફરી અને રાત્રિના સમયે ખંભાળિયા પહોંચી હતી. ખંભાળિયા-દ્વારકા હાઈ-વે ઉપર આવેલા શહેરના પ્રવેશદ્વાર ખાતે આ ગૌરવ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના આગેવાનો તથા કાર્યકરોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો સાથેની આ ગૌરવ યાત્રા અહીંના જોધપુર ગેઈટ ખાતે પહોંચી હતી. જ્યાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયા શહેર તથા આસપાસના લોકોને તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા સાંસદ પૂનમબેન માડમે સંબોધન કર્યું હતું. જેમાં વિકાસ યાત્રા જેવી આ ગૌરવ યાત્રાના હેતુઓ તેમજ આ યાત્રાથી જનજન સાથે જોડાણની વાતો કરવામાં આવી હતી. દ્વારકાથી શરૂ થયેલી આ ગૌરવયાત્રાનું ભાટિયા, નંદાણા વડત્રા વિગેરે ગામોમાં ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વારકાથી પોરબંદર વચ્ચે શરૂ થયેલી આ ગૌરવયાત્રા અંગે જાણકારી આપતા રાજકોટના પૂર્વ મેયર ધનસુખભાઈ ભંડેરીએ જણાવ્યું હતું કે આ યાત્રા જામનગર, રાજકોટ સુરેન્દ્રનગર વિગેરે સાત જિલ્લાઓમાં ફરીને જુદા જુદા સ્વાગત પોઈન્ટ સાથે જાહેર સભા યોજી અને સાત દિવસ બાદ પોરબંદર ખાતે પૂર્ણ થશે.

# ખંભાળિયાની માનવ સેવા સમિતિ દ્વારા નેત્ર કેમ્પ યોજાયો : અનેક દર્દીઓએ લાભ લીધો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવસેવા સમિતિના ઉપક્રમે તાજેતરમાં અત્રે જામનગર રોડ ઉપર આવેલી લલીતાબેન પ્રેમજીભાઈ બદિયાણી હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે નિદાન તથા સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના ૫૭ જેટલા દર્દીઓએ સારવાર લઈ અને લાભ મેળવ્યો હતો. આ નેત્ર કેમ્પમાં ૨૦ જેટલા દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત જણાતા તેઓને આ જ દિવસે બસ મારફતે વીરનગર ખાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં આધુનિક પદ્ધતિથી તેમની આંખોનું ઓપરેશન કરી નેત્રમણી પણ બેસાડી આપવામાં આવ્યો હતો. આ સેવા કેમ્પ માટે વીરનગરના શિવાનંદ મિશન હોસ્પિટલના નિષ્ણાંત તબીબો તથા ટેકનીશીયનોએ તેમની સેવાઓ આપી હતી. આ કેમ્પ દરમ્યાન સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી અને ટ્રેઝરર જગદીશભાઈ ચાવડાએ ખાસ ઉપસ્થિત રહી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પ માટે સંસ્થાના સેક્રેટરી મનુભાઈ પાબારી, ટ્રસ્ટી નાથાલાલભાઈ બદિયાણી, વિમલભાઈ સાયાણી, સુભાષભાઈ બારોટ વિગેરે જહેમત ઉઠાવી હતી. આ પ્રકારનો કેમ્પ આગામી રવિવાર તારીખ ૩૦ ઓક્ટોબરના રોજ જામનગર હાઈવે ઉપર આવેલી એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે યોજવામાં આવશે તેમ સંસ્થાની એક યાદીમાં જણાવ્યું છે.

# ખંભાળિયામાં આંતરાષ્ટ્રીય દિકરી દિવસ તથા ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયામાં નગરપાલિકાના યોગ કેન્દ્ર ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આંતરાષ્ટ્રીય દિકરી દિવસ તથા ઘરેલું હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ નગર પાલીકા પ્રમુખ ભાવનાબેન પરમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં કારોબારી ચેરમેન હિનાબેન આચાર્ય, નગરપાલીકા સદસ્ય રેખાબેન ખેતીયા, તથા તાલુકા હેલ્થ ઓફિસર નોડલ ઓફિસર ડો. પ્રકાશ ચાંડેગરા, મદદનીશ સરકારી વકીલ અલ્પેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને તેઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દિકરી જન્મને આવકારવા દિકરી દિવસ નિમિતે જન્મેલી દિકરીઓને દિકરી વધામણા કિટનું અધિકારી તથા પદધિકારી દ્વારા વિતરણ કરવામાં આવ્યુ હતું.

આંતરાષ્ટ્રીય દિકરી દિવસ નિમિતે તાલુકા હેલ્થ ઓફિસર તથા નોડલ ઓફિસર ડો. પ્રકાશ ચાંદેગરા દ્વારા દિકરીના જન્મ દરમાં વધારો તથા દિકરીને શિક્ષિત કરવા માટે અને પુર્વગર્ભ ધારણ તથા પ્રસુતિપુર્વ ગર્ભ જાતી પરિક્ષણ અંગેનો અધિનિયમ ઉપર વકતવ્ય આપવામાં આવ્યું હતું. સાથે દિકરીના જન્મને પ્રોત્સાહન આપવા માર્ગદર્શન આપ્યું હતું.

આ કાયદાકીય જાગૃતિ શિબિરમાં મદદનીશ સરકારી વકીલ અલ્પેશભાઈ પરમાર દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ વિષે માહિતી આપવામાં આવી હતી. જેમાં કાયદાઓની જોગવાઈઓ તથા કલમો વિષે વિસ્તૃત માહિતી આપી, જો કોઈ મહિલા ઘરેલું હિંસા ભોગ બને તો તેમણે શું પગલા લેવા તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંકલન જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા આઈ.સી.ડી.એસ. શાખાના ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર ચિરાગ ઘુવાડ, સી.ડી.પી.ઓ. પૃથ્વીબેન પટેલ તથા સી.ડી.પી.ઓ. પ્રજ્ઞાબેન રાવલ દ્વારા જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયામાં આવતીકાલે બૌદ્ધિક સંમેલન

## ભાજપ દ્વારા પ્રબુદ્ધ નાગરિકો સાથે સીધો સંવાદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં નગરપાલિકાના યોગ કેન્દ્ર ખાતે આવતીકાલે શનિવાર તારીખ ૧૫ મીના રોજ જિલ્લા ભાજપ દ્વારા બૌદ્ધિક લોકો સાથે સીધા સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શનિવારે સાંજે છ વાગ્યે યોગ કેન્દ્રમાં શહેરના વકીલો, ડોકટરો, પત્રકારો, શિક્ષકો, આચાર્યો, તેમજ વિવિધ સંસ્થાના હોદ્દેદારો સાથે ખાસ સંવાદ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં લોકોના પ્રશ્નો અંગે જાણકારી મેળવી અને લોકોને સરકારની કામગીરી સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવશે તેમ સંમેલનના સંયોજક ડોકટર તુષાર ગોસ્વામીની એક યાદીમાં જણાવાયું છે.

# • દિવાળી પર્વ ઈ.સ. ૨૦૨૨ •

**• ચોપડા લાવવાનું મુહૂર્ત** — તા. ૧૮-૧૦-૨૦૨૨ મંગળવાર (પુષ્યનક્ષત્ર)

(૧) સવારના ૦૯:૩૦ થી બપોરના ૦૧:૫૧ – ચલ, લાભ, અમૃત,
(૨) બપોરના ૦૩:૧૭ થી સાંજના ૦૪:૪૪ – શુભ.
(૩) સાંજના ૦૭:૪૪ થી રાત્રિના ૦૯:૧૭ – લાભ.

**• રમાએકાદશી/વાઘબારસ** — તા. ૨૧-૧૦-૨૦૨૨ શુક્રવાર

**• ધનતેરસ** — તા. ૨૨-૧૦-૨૦૨૨ શનિવાર

નોંધ – તેરસ સાંજના ૦૬:૦૩ થી છે પરંતુ શાસ્ત્ર અનુસાર લક્ષ્મીપૂજન આખા દિવસ- રાતમાં આપની અનુકૂળતાએ શુભ ચોઘડિયામાં કરી શકો છો.

(૧) સવારના ૦૮:૦૪ થી સવારના ૦૯:૩૦ – શુભ.
(૨) બપોરના ૧૨:૨૩ થી સાંજના ૦૪:૪૨ – ચલ, લાભ, અમૃત.
(૩) સાંજના ૦૬:૦૮ થી સાંજના ૦૭:૪૨ – લાભ.
(૪) રાત્રિના ૦૯:૧૬ થી રાત્રિના ૦૧:૫૭ – શુભ, અમૃત, ચલ,

જે દેવી સર્વ ભૂતોમાં લક્ષ્મી રૂપે વસી રહ્યા નમું તેને નમું તેને નમું તેને ફરી ફરી

**• કાળીચૌદશ** — તા. ૨૩-૧૦-૨૦૨૨ રવિવાર

**• દિવાળી** — તા. ૨૪-૧૦-૨૦૨૨ સોમવાર

(૧) સવારના ૦૬:૩૯ થી સવારના ૦૮:૦૫ – અમૃત.
(૨) સવારના ૦૯:૩૧ થી સવારના ૧૦:૫૭ – શુભ.
(૩) બપોરના ૦૧:૪૯ થી સાંજના ૦૭:૪૧ – ચલ, લાભ, અમૃત, ચલ
(૪) રાત્રિના ૧૦:૪૯ થી રાત્રિના ૧૨:૨૩ – લાભ.

**• નૂતનવર્ષ/ભાઈબીજ** — તા. ૨૬-૧૦-૨૦૨૨ બુધવાર

(૧) સવારના ૦૬:૪૦ થી સવારના ૦૯:૩૧ – લાભ, અમૃત.
(૨) સવારના ૧૦:૫૭ થી બપોરના ૧૨: ૨૨ – શુભ.

**લાભપાંચમ ક્ષયતિથિ હોવાથી મુહુર્ત નથી આવતા.**

**• જલારામ જયંતિ** — તા. ૩૧-૧૦-૨૦૨૨ સોમવાર

(૧) સવારના ૦૬:૪૨ થી સવારના ૦૮:૦૭ – અમૃત.
(૨) સવારના ૦૯:૩૨ થી સવારના ૧૦:૫૭ – શુભ.

# ઓખા નગરપાલિકામાં નાખવામાં આવેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ પાઈપલાઈન છેલ્લા પાંચ વર્ષથી બિન ઉપયોગી પડી છે?

## સરકારી કાગળો ઉપર વર્ષ ૨૦૧૯ થી કાર્યરત હોવાનો લેખિત જવાબ પણ તંત્ર દ્વારા આપી પોતાની હિમતનું પ્રદર્શન પણ પ્રજાને કરેલ છે?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

દ્વારકા તા. ૧૫

ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૪ માં ઘર-ઘરના સેવેજ વોટરનો સાદ ઉપયોગ કરી તેના નિકાલ દ્વારા આર્થિક નફો મેળવવા માટે રાજ્ય સરકારના પાણી પુરવઠા બોર્ડ દ્વારા હજાર કરોડ રૂપિયાના ખર્ચ વાળી રાજયની સમગ્ર નગર પાલિકા હેડ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ગટર યોજના બનાવવાની કામગીરી શરૂ કરેલ હતી.

જે અન્વયે આશરે ૧૧૫ કરોડ રૂપિયાના ખર્ચે ઓખા નગરપાલિકા હદ વિસ્તારમાં પણ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ યોજના અંતર્ગત સમગ્ર નગરપાલિકા હદ્ વિસ્તારમાં પાઈપલાઈન બિછાવવાનું કામ ચાલુ કરી પૂર્ણ કરવામાં આવેલ છે પરંતુ ''ખાટલે મોટી ખોટ'' સરકારી વહીવટમાં હોય તેમ હજુ આ યોજનાનું ઉદઘાટન કે તેનો ઉપયોગ કરવાનું ચાલુ કરવામાં આવેલ નથી તે પહેલા તે હાલ અંડર લેન્ડ ''(પથારીવશ અવસ્થા)'' યોજના બની ગયાનું ચર્ચાય છે.

**સ્થાનીક કક્ષા ઉપરથી કોઈ જવાબ ના મળતા પી.એમ.ઓ.માં ફરિયાદ કરી**

દ્વારકાના જાગૃત નાગરિક યોગેશભાઈ વિઠલાણી દ્વારા ગત તા.૧૯.૦૧.૨૦૨૧ ના પ્રધાનમંત્રી કાર્યાલયને કરેલ રજૂઆત મુજબ ઓખા શહેરની ભૂગર્ભ ગટર યોજનાની પાઈપ લાઈન અને મેન હોલની ખરાબ હાલત અને રોડ-રસ્તા ઉપર જતાં નાના-મોટા વાહન ચાલકોને એક્સિડેન્ટનું આમંત્રણ આપતા હોય તેવી હાલતમાં હોય તેને તાત્કાલિક રીપેર કરી આ યોજનાનો ઉપયોગ ચાલુ કરી પ્રજાની સેવેજ વોટર લાઈન સાથે જોડાવાની માંગણી કરવા અનુસંધાને મુખ્ય ઈજનેર કચેરી દ્વારા ગત તા.૨૭.૦૧.૨૦૨૧ ના પાઠવવામા આવેલ જવાબ મુજબ આ યોજના જી.યુ.ડી.એમ ગાંધીનગર દ્વારા અમલીકરણ સંસ્થા તરીકે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડને સોંપાવામાં આવેલ છે. જે ગાંધીનગર સ્થિત પાણી પુરવઠા બોર્ડની કચેરી દ્વારા અમદાવાદની ખાનગી એજન્સી મેસર્સ લક્ષ્મી કન્સ્ટ્રક્શનને સોંપવામાં આવેલ અને તેમના દ્વારા આ કામગીરી તારીખ ૩૧.૧૨.૨૦૧૭ ના પૂર્ણ કરવામાં આવેલ છે.

**યોજનાનો ઉપયોગ થાય તે પહેલા નિભાવણી સમય પૂર્ણ?**

ત્યારબાદ સદર યોજનાની બે વર્ષની મરામત અને નિભાવણી સુધીની કામગીરી એજન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે અને સદર યોજના હાલ સુચારૂં રૂપે ચાલી રહેલ છે. સદર ભૂગર્ભ ગટર યોજનાની મરામત અને નિભાવણીરની કામગીરી પૂર્ણ થયેલ હોય ઉક્ત યોજનાનો હવાલો ઓખા નગરપાલિકાને સુપરત કરવાની કામગીરી હાલ પ્રગતિ માં છે.

**તંત્રના રેકર્ડ ઉપર સુપરત કર્યા પહેલા યોજના સુચારૂં રૂપે ચાલુ છે?**

અહીં આશ્ચર્ય એ થાય છે કે આગળ જણાવ્યા પ્રમાણે સદર યોજનાની બે વર્ષની મરામતની કામગીરી પૂર્ણ થયાનું જણાવવામાં આવે છે અને હાલ સદર યોજના સુચારૂં રૂપે ચાલી રહ્યાનું બતાવે છે. જ્યારે પછી આ યોજનાનો હવાલો ઓખા નગરપાલિકાને સુપરત કરવાની કામગીરી હાલ પ્રગતિ માં છે ત્યારે આશ્ચર્ય તે થાય છે કે જે યોજના હજુ જે તે નગરપાલિકાને સુપરત જ કરેલ નથી ત્યારે તે સુચારૂં રૂપે ચાલુ કેવી રીતે હોય?

જ્યારે આ યોજના નગરપાલિકાને સોંપવામાં આવેલ નથી તો બે વર્ષ સુધી નિભાવણી કેવી રીતે થઈ હોય ? કારણ કે તેનું ઉદ્ઘાટન થયું નથી કે તેમાંથી કોઈ કનેકશન આપવામાં આવ્યા નથી ત્યારે આ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તંત્રના પોણા બે વર્ષ પહેલાના પત્ર પછી પણ નગરપાલિકાને સોંપણી થયેલ નથી?

હજુ વધુ આશ્ચર્ય તો તે વાતનું છે કે આ ગત તા. ૨૭.૦૧.૨૦૨૧ ના પત્રના જવવાબને પણ આજ પોણા બે વર્ષ નો સમય પસાર થઈ ગયો છે છતાં હજુ આ યોજના ચાલુ થયેલ નથી અને તેનો પુરાવો ખુદ નગરપાલિકા તંત્રને આપતી હોય તેમ આજે પણ આ ગટર યોજનાના કનેક્શનનો ચાર્જ કે વાર્ષિક નિભાવણીનો ચાર્જ હાલ હાઉસ ટેક્ષના બિલમાં વસૂલ કરાતો નથી. જે સ્પષ્ટ કરે છે કે આ યોજના હજુ નગરપાલિકા દ્વારા સંભાળવામાં આવેલ નથી..

આ યોજના એક મોટું આર્થિક કોભાંડ હોય તેમ ફક્ત સરકારી કાગળો ઉપર પૂર્ણ થયેલ છે પરંતુ કોઈ લાઈન-લેવલ વગરની અને કોઈ સરકારી એસ.ઓ.આર.માં દર્શાવ્યા પ્રમાણે ના સ્ટાન્ડર્ડ અને તે માટે જરૂરી સ્ટાન્ડર્ડ મટિરિયલના વપરાશ મુજબની ના હોય, આ યોજનાનો લાભ લેવા કોઈ નગરજન પણ રાજી નથી. કારણ કે પ્રજાજનો જાણે છે કે આ ગટર યોજનાનું પાણી નિકાલ થવાના બદલે સામું આપણી સેવેજ લાઈન દ્વારા આપણાં ઘરમાં પરત આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. જે કારણે પ્રજા પણ આ યોજનાનો લાભ લેવા ઉત્સુક નથી.

**ઓખા નહીં સમગ્ર રાજ્યની નગરપાલિકાઓ પૈકી મોટાભાગની પાલિકામાં આ પરિસ્થિતિ છે!**

આ લખાનાર દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવતા જાણવા મળેલ વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ માં હજાર કરોડ રૂપિયાના ખર્ચવાળી રાજ્યની દરેક નગરપાલિકામાં આ પ્રમાણેની અંડરગ્રાઉન્ડ ગટર યોજના અન્વયે કામો થયા છે અને તેમાંથી મોટાભાગની અંડર ગ્રાઉન્ડ પાઈપલાઈન હાલમાં પણ બિનઉપયોગી અને અંડર લેન્ડ પાઈપલાઈનમાં પરિવર્તિત થઈ ને પડી છે.

**પ્રજા પાણી બતાવે તે પહેલા તંત્રે ખુલ્લેઆમ લેખિત આપી પોતાનું પાણી બતાવ્યું?**

ત્યારે આ શરમજનક હકીકતોના પ્રશ્ને જવાબદાર રાજ્ય પાણી પુરવઠા અને ગટર બોર્ડના મુખ્ય ઈજનેર દ્વારા લેખિતમાં આવો જવાબ આપવાની હિંમત દર્શાવી યોજનાથી કેટલું પાણી નિકાલ થશે તે પ્રજાને જાહેરમાં દર્શાવ્યાનું પણ નકારી શકાતું નથી.

